સૂર્યોદય - ૬.૨૭ સૂર્યાસ્ત - ૬.૪૪

## તિથિદર્શન
ભાદરવા વદ-૯ ગુરૂવાર ૨૦૭૩

| | | |
|---|---|---|
| ૬ ગુ. | | ૪રા.શુ. |
| ૭ | ૫ લ.સુ.બુ. મં. | ૩ |
| ૮ શ. | | ૨ |
| ૯ | ૧૧ ચં. | ૧ |
| ૧૦ કે. | | ૧૨ |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : નોમ ગુરૂવાર નક્ષત્ર :આર્દ્રા રાત્રે ૩.૩૬ પછી પુનર્વસુ યોગ: યોગ :વરીયાન કરણ:વણીજ આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**યશ્ચ મૂઢતમો લોકે અશ્ચ બુદ્ધેં પરં ગતઃ**
**તાવ ભૌ સુખમેધેતે વિશ્વશત્યન્નતરિતો જનઃ**

'સંસારમાં જે ખૂબ જ વધારે મૂર્ખ છે અથવા જે સૌથી વધારે બુદ્ધિશાળી છે તે બંને વ્યવહારમાં સુખી થાય છે, પરંતુ તે બંનેની વચ્ચેનો વ્યક્તિ જે સાવ અજ્ઞાની પણ નથી અને બુદ્ધિ વિચક્ષણ પણ નથી તે દુઃખી થાય છે.' આપણે સંસાર-વ્યવહારમાં જોઈએ છીએ કે બુદ્ધિમાન- સાહસિક- ધનિક પોતાની વિચક્ષણ બુદ્ધિ દ્વારા વેપાર અને સટ્ટા કે અન્ય રોકાણો દ્વારા પોતાની વિવેક દૃષ્ટિથી થોડા સમયમાં જ અબજોપતિ થઈ જાય છે. કરુણાનિધિ કુટુંબ હોય કે કૃપાશંકર કે સજ્જન વેપારી- સાવ સામાન્ય સ્થિતિમાંથી સંપત્તિવાન સમૃદ્ધ થઈ જાય છે. એવી જ રીતે મૂર્ખ- અજ્ઞાન, પરિણામનો વિચાર કર્યા વિના ચોર- લૂંટ- ખંડણી- અપહરણમાં કરોડો કમાઈ લે છે અને ચેન ખેંચી- ખેંચી મધ્યમ વર્ગને બેચેન બનાવે છે- અજ્ઞાની લોકો પરિણામનો વિચાર કર્યા વિના કૂદી પડે છે એમને અંતની ખબર નથી કે શું થશે એની ચિંતા- પરવા નથી એટલે સુખી થાય છે.

પણ મધ્યમ વર્ગ- મધ્યમ પરિસ્થિતિ- મધ્યમ લોકો જે નથી સાવ મૂર્ખ કે નથી બહુ બુદ્ધિમાન એ લોકો નથી તો હિંમતપૂર્વક સાહસ કરી શકતા કે નથી તો તીવ્ર બુદ્ધિપૂર્વકના નિર્ણય લઈ શકતા, જેથી દ્વિધામાં અને વિચારોના ઝૂલે ચઢી સતત ચિંતા - પરિણામોના ભયમાં દુઃખી જ રહે છે. નથી ખરાબ કામ કરી શકતા કે ઉત્તમ કાર્યો કરી મહાન થઈ શકતા..

સમાજ, લોકલાજ, રૂઢિઓમાં મધ્યમવર્ગ ભીંસાય છે.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)પ્રવાસમાં સફળતા મળે. સ્નેહિથી મિલન થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)સ્વજનની મદદ મળે. મૂંઝવણ દૂર થાય. આરોગ્ય જાળવવું હિતાવહ.**
**મિથુન :(ક.છ.ઘ.)નવા કાર્ય માટે સાનુકૂળતા. મનની મુરાદ બર આવે.**
**કર્ક : (ડ.હ.) પરિવારજનોમાં યશ, વૃદ્ધિ રહેશે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.**
**સિંહ : (મ.ટ.) ખર્ચ-ખરીદીના યોગ છે. આરોગ્ય સારૂં રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) આર્થિક પ્રગતિ થાય. નજીકના સગાથી મિલન-મુલાકાત થાય.**
**તુલા : (ર.ત.) આવક વધારવાની તક મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.**
**વૃશ્ચિક :(ન.ય.) વિવાહના કાર્યમાં સફળતા મળે. આયોજન થાય. આર્થિક સ્થિતિ સુધરે..**
**ધન : (ભ.ફ.ધ.) કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. મન મેળ સાધી શકશો.**
**મકર : (ખ.જ.) પ્રતિસ્પર્ધિને હંફાવી શકો. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) મનમાં અશાંતિ સર્જાય. અધ્યાત્મિક કાર્યોમાં મન પરોવાય.**
**મીન : (દ.ચ.જ.થ.) માનસિક વ્યથા-વેદના વધે. ચિંતાનો ઉકેલ મળે.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

'ડિવાઈન કોમડી' જેવા અમર મહાકાવ્યના સર્જક શ્રી દાન્તે એલી લીમેરીનીપુણ્યતિથિ છે.

એમનો જન્મ લોરેન્સમાં ઈ.સ. ૧૨૬૫માં થયો હતો. દાન્તે બાળપણથી જ અભ્યાસમાં ખૂબ જ મહેનતું હતા અને વૈજ્ઞાનિક દષ્ટિકોણ ધરાવતા બ્રુનેટો બેલિટી જેવા ગુરૂ એમને મળી ગયા. એટલે તેમની પ્રગતિ ઝડપી બની.

'વીટા નોવા, ઈન્ફર્નો', 'પેરે ડીઝો', 'દ મામોર્કીઆ' આવા અનેક ગ્રંથો અર્પનાર દાન્તે વિશ્વસાહિત્યમાં અમર બની ચૂકયા છે.

દાન્તે પહેલા ઈટાલિયન ભાષા જેવું કશું નહોતું અને એમના અવસાન પછી ઈટાલિયન ભાષા વિશ્વભાષાનું ગજું કાઢી શકે તેવી રીતે અસ્તિત્વમાં આવી.

આ મહાકવિનું તા. ૧૪-૯-૧૩૨૧ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# થરાદના લેડાઉના પૂરગ્રસ્તો સરકારી સહાયથી વંચીત

### ગ્રામજનોની હાઈકોર્ટના દ્વાર ખટખટાવવાની ચિમકી



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના લેડાઉ ગામે આજે પણ ૧૦૦ ઘર અને ૩૦૦ એકર ખેતીની જમીન પાણીમાં ગરકાવ છે તેથી પૂરગ્રસ્તો અન્ય સ્થળે આશરો લઈ ભારે હાડમારીભર્યું જીવન ગુજારે છે. તેમ છતાં સરકાર દ્વારા માત્ર ઘરવખરીની સામાન પેટે ૩૦ ટકા જેટલી રકમ ચૂકવાઈ છે. એ સિવાય કોઈ સહાય ચૂકવાઈ નથી. એટલું જ નહી સરકારના તંત્ર દ્વારા હાલમાં નાગલા ગામે ૮ કરોડના ખર્ચે પાણીનો નિકાલ કરાઈ રહ્યો છે તો પછી અમારા ગામમાંથી પાણીનો નિકાલ કેમ કરાતો નથી ? આ હળાહળ અન્યાયના વિરૂધ્ધમાં ગ્રામજનોએ ના.કલેકટરને આવેદનપત્ર આપી સરકાર દ્વારા સત્વરે સહાય અને પાણીનો નિકાલ નહીં કરાય તો હાઈકોર્ટના દ્વારા ખટખટાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

# બાઈક ચોર સીસી કેમેરામાં કેદ છતાં ભેદ ઉકેલાતો નથી

### પોલીસની કામગીરી શકના દાયરામાં


મહેન્દ્ર શાહ

પ્રતિ. રામપુરા

ડીસાના નેમીનાથ નજીક યુનિયન બેંક આગળ પડેલા ઢેઢાલના યુવકનું બાઈક કોઈ હરામખોર ચોરી ગયો હતો.જે સીસીટીવી કેમેરામાં કેદ પણ થઈ ગયો છે તેમ છતાં બાઈક ચોરીનો ભેદ ન ઉકેલાતા પોલીસ કામગીરી વિવાદોમાં સપડાઈ છે.

ગત તા.૫-૯-૨૦૧૭ ના રોજ સાંજે ૪ વાગ્યાના સુમારે ઢેઢાલ ગામના વાઘેલા શ્રવણજી પુનમાજી પોતાનું હીરો કંપનીનું પેશન બાઈક(નં.જી.જે.૨૪ એચ. ૭૪૩૨) લઈને રૂપિયા ભરવા માટે ડીસાના નેમીનાથ નજીક આવેલી યુનિયન બેંકમાં ગયા હતા.તેઓ બેંક આગળ બાઈક પાર્ક કરી બેંકમાં ગયા હતા અને કામ પતાવી પરત આવતા બાઈક જણાયું ન હતું.જેથી આજુબાજુ શોધખોળ કરવા છતાં બાઈક મળી આવ્યું ન હતું.જો કે સીસીટીવી કેમેરામાં એક ચોર તેમનું બાઈક ચોરી જતા કેદ થઈ ગયો હતો.જે બાબતે તેમણે ઉત્તર પોલીસ મથકે જાણ કરી ફરીયાદ નોંધાવી હતી પરંતુ પોલીસની ઢીલી નીતિના કારણે બાઈક ચોરીનો ભેદ ઉકેલાતો નથી.તેથી વાહન ચાલકોમાં રોષની લાગણી છવાઈ છે.

# ગણપત યુનિવર્સિટીના આંગણે નિર્મિત મારૂતિ- સુઝુકી જાપાન ઈન્ડિયા ઈન્સ્ટિ ફોર મેન્યુફેકચરિંગ(જિમ) નું લોકાર્પણ થશે !!

ગણપત યુનિવર્સિટી

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગતરોજ જાપાનના વડાપ્રધાન શિંઝો આબે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્દઘાટિત થનારા અનેક પ્રકલ્પોમાં ગણપત યુનિવર્સિટીના આંગણે મારૂતિ સુઝુકી દ્વારા પ્રોત્સાહિત મારૂતિ- સુઝુકી જાપાન - ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ફોર મેન્યુફેકચરિંગ (જિમ) નો પણ સમાવેશ છે.

જાપાન સરકારની 'મિનિસ્ટ્રી ઓફ ઈકોનોમી, ટ્રેડ અને ઈન્ડસ્ટ્રી' તેમજ ભારતની ટેકનિકલ કોર્સિસને માન્યતા આપતી સંસ્થા 'એન.સી.વી.ટી.' ની માન્યતા ધરાવતા આઠ જેટલા આઈટીઆઈ કક્ષાના કોર્સિસમાં આ વર્ષે ૪૦૦ વિદ્યાર્થીઓને એડમિશન અપાયા છે.

અત્યંત આધુનિકઅને જાપાનના મારૂતિના મેન્યુફેકચરિંગ યુનિટમાં વપરાતા હોય તેવા ઉંચી ગુણવત્તા ધરાવતા લગભગ દસ કરોડના ઈક્વિપમેન્ટસ મારૂતિ- સુઝુકીએ ગણપત યુનિવર્સિટી ખાતે ઉભા કરાયેલો 'જિમ' ને પૂરા પાડ્યા છે.

સમગ્ર દેશમાં ચાર રાજ્યોમાં મળીને દસ જેટલા વિકસાવવા ધારેલા 'જિમ' ની શ્રેણીમાં આ સૌપ્રથમ જિમ છે. ફિટર, ઈલેક્ટ્રશિયન, મિકેનિક ડિઝલ, વેલ્ડર મિકેનિક મોટર, વેહિકલ, મિકેનિક ઓટોબોડી પેઈન્ટિંગ, મિકેનિક ઓટોબોડી રિપેર અને ડ્રાઈવર કમ મિકેનિક નામના આઠ કોર્સમાં ચુનંદા વિદ્યાર્થીઓને જાપાન મેન્યુ. પધ્ધતિ જેવી આધુનિક તાલીમ મારૂતિ સુઝુકીના અનુભવી નિષ્ણાતો દ્વારા અપાશે અને સુરક્ષા, ગુણવત્તા અને અંગ્રેજી ભાષાના જ્ઞાન ઉપર વિશેષ ધ્યાન અપાશે.

સફળતાપૂર્વક અભ્યાસક્રમ પૂરો થયા બાદ વિદ્યાર્થી યોગ્ય નોકરી પણ મેળવી શકે તે માટે ઈન્ટરવ્યુની તાલીમ તેમજ માર્ગદર્શન મળી રહે એ માટે મારૂતિ- સુઝુકી નિષ્ણાતોની સેવા સુલભ કરાવી આપશે.

# સેસણ નવામાં નર્મદા રથનું આગમન


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગુજરાત સરકાર દ્વારા યોજાઈ રહેલ નર્મદા રથ મહોત્સવ અંતર્ગત દીઓદર તાલુકામાં ફરી રહેલ નર્મદા રથ ગતરોજ દીઓદર તાલુકાના સેસણ નવા મુકામે રાજ્યમંત્રી શ્રી કેશાજી ચૌહાણની રાહબરી હેઠળ ગયેલ.જ્યાં ગ્રામજનોબ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે ભાજપના મહામંત્રી ભરતભાઈ અખાણી, ઉપપ્રમુખ ભવાનજી ઠાકોર, દિલીપસિંહ વાઘેલા, બ.કાં.જીલ્લા ભાજપ મંત્રી ચતરાભાઈ પટેલ સહીત ભાજપના આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહેલ.

# વડાવળ ગામે ક્ષત્રિય ઠાકોરની ગામ સમિતિની રચના


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામે ગત તા.૧૨-૯-૨૦૧૭ ના રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની મીટીંગ યોજવામાં આવી જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો તેમજ આગેવાનો હાજર રહી સમાજનું સંગઠન મજબુત બનાવ્યા અને સમાજમાં રહેલી કેટલીક ગેર સમજણો દુર કરી ક્ષત્રિય સમાજ આર્થિક, સામાજીક, શૈક્ષણિક રીતે આગળ આવે અને પ્રગતિ કરે તે માટે વડાવળ ગામના યુવાનો દ્વારા ગામ સમિતિની રચના કરવામાં આવી જેમાં સમિતિના પ્રમુખ તરીકે પૂર્વ સરપંચના પુત્ર વાઘેલા પોપટસિંહ પરથીજીની નિમણુંક કરવામાં આવી હતી.તેમજ ઉપપ્રમુખ તરીકે વાઘેલા જીતુસિંગ એસ. જ્યારે સંગઠન મંત્રી તરીકે વાઘેલા કોન્તીજી.જે અને વાઘેલા રમેશજી ઉકાજી ઉપરાંત ધાર્મિક સમિતિમાં સોલંકી મંગળજી કુંવરજી તેમજ સોસીયલ મિડિયા કન્વીનર વાઘેલા સોવનસિંહ બી.વગેરેની નિમણુંક કરવામાં આવી હતી.

બેઠકમાં ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ બચુજી ઠાકોર, ડીસા શહેર પ્રમુખ પ્રવિણજી ઠાકોર, ઓ.બી.સી.એકતા મંચના ઉપપ્રમુખ ગોકળભાઈ ઠાકોર તેમજ ગોઢ ગામના સરપંચ અલ્પેશજી ઠાકોર હાજર રહી યુવાનોને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# દાંતીવાડા તાલુકા યુવા મોરચાની પ્રથમ કારોબારી બેઠક યોજાઇ


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના આગમન પૂર્વે અડીખમ ગુજરાત આયોજન અનારગત આજે દાંતીવાડા તાલુકાની યુવભજપ ની કારોબારી પી જે ચૌધરી સાહેબ ના ફાર્મ ઉત્તમપુર દંગીયા મુકામે યોજાઈ જેમાં યુવા મોરચાના જિલ્લા અધ્યક્ષ હરેશભી ચૌધરી મહામંત્રી રામસિંહ રાજપૂત ઉપપ્રમુખ જીગરભાઈ દેસાઈ મંત્રી હિમ્મતસિંહ રાઠોડ બનાસ ડેરીના ડિરેક્ટર પી જે ચૌધરી સાહેબ તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી મહામંત્રી દિનેશભાઇ મેવાડા કિસાન મોરચાના મંત્રી હરનાથભાઈ ચૌધરી તાલુકા પંચાયત ના પ્રમુખ ઈશ્વરસિંહ સોલાકી દાંતીવાડા ના પ્રભારી મહેશભાઈ રાજ આહ પ્રભારી નરેશભાઈ ચૌધરી સુજનસિંહ વાઘેલા દાંતીવાડા યુવા ભાજપ ના પ્રમુખ દિનેશભાઇ બોકા મહામંત્રી સિદ્ધરાજસિંહ વાઘેલા તેમજ યુવા મોરચાના સૌ હોદ્દેદારો આયામોના હોદ્દેદારો કારોબારી ના સભ્યો ઉપશ્રિત રાહયા અને આગામી કાર્યક્રમોની વિસ્તૃત ચર્ચા હરેશભાઇ એ કારી અને વિધાનસભા ના યુવા સંમેલન માટે યુવાનો ને હાકલ કારી.

# દીઓદર પ્રા.શાળા નં.૩નો ખેલ મહા કુંભમાં દબ દબો


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

તાજેતરમાં ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી સ્પર્ધાઓમાં દીઓદર પ્રા.શાળા નં.૩ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જેમાં ચૌહાણ હેતલબેન લાંબી કુદમાં તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પ્રથમ નંબરે ઉર્તિણ થયેલ છે.ઠાકોર અનિતાબેન ૧૦૦ મીટર,૪૦૦ મીટર અને ૬૦૦ મીટરમાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.જ્યારે જિલ્લા કક્ષાએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.આ ઉપરાંત તાલુકા કક્ષાએ ૩૦ મીટર,સ્પેડીંગ,બીડ જમ્પ,૫૦ મીટર દોડમાં આ શાળાના વિદ્યાર્થી પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

આ શાળાની શિક્ષકોની ટીમ રસા ખેંચમાં જિલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા રહી સમગ્ર દીઓદર તાલુકાનું ગૌરવ વધારેલ છે.આ પ્રસંગે શાળાના બાળકોને તૈયાર કરનાર કોચ જિતેન્દ્રભાઈ માળી,મનેજર કે.એમ.જોષી અને દિલીપભાઈ ચૌધરીને શાળાના આચાર્ય શ્રી મુકેશભાઈ ત્રિવેદીએ તથા શાળા પરિવારે અભિનંદન આપી બિરદાવ્યા હતા.

# અરણીવાડા ગામે મા નર્મદા રથનું સ્વાગત


સજ્જનસિંહ સોલંકી

પ્રતિ. કંબોઈ

કાંકરેજ તાલુકાના અરણીવાડા ગામે તા.૧૩-૯-૨૦૧૭ ના રોજ મા નર્મદા રથનું આગમન થતાં તાલુકા પંચાયત પ્રમુખ તારાબેન સોલંકી અને ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.જે પ્રસંગે ગામની બાળાઓ દ્વારા કુમ કુમ તિલક કરી વધામણા કરાયા હતા.

આ પ્રસંગે મફાજી સોલંકી, સુખદેવસિંહ સોઢા, ઈશ્વરભાઈ પટેલ, રમેશભાઈ વાઘડા, જશવંતભાઈ રાવળ, બચુભા સોલંકી, અરણીવાડા સરપંચ રાજુભા સોલંકી, રણાવાડા સરપંચ દશરથભાઈ દેસાઈ, બુકોલી સરપંચ અમરસિંહ સોલંકી સહિત અગ્રણીઓ શિક્ષકો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દીઓદર પ્રાંત કલેક્ટરએ સુરાણામાં ચેહર માતાના દર્શન કર્યા


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના સુરાણા ગામે જોષી ત્રિભોવનભાઈ રવજીભાઈના ફાર્મ હાઉસ ઉપર ચેહર માતાજીનું મંદિર આવેલ છે.જ્યાં લોકો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવે છે.જે અંતર્ગત તા.૧૦-૯-૨૦૧૭ના રોજ દીઓદર પ્રાંત અધિકારીશ્રી એ.ડી.ચૌહાણ પણ પોતાના પરીવાર સાથે તેમજ દીઓદર તાલુકા પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા સુરાણા ગામે આવેલ ચેહર માતાના મંદિરે પધારી દર્શન કર્યા હતા.જ્યાં ભુવાજી ત્રિભોવનભાઈ જોષી દ્વારા પ્રાંત સાહેબ તેમજ પ્રમુખશ્રીને આવકારી શાલ ઓઢાડી સન્માનીત કરેલ.આ પ્રસંગે સુરાણા સરપંચ દેવચંદભાઈ જોષી,માજી સરપંચ રૂગનાથભાઈ જોષી, ગાંડાભાઈ જોષી વિગેરે ઉપસ્થિત રહેલ.

# દિયોદર શાળા નં.૩ ના આચાર્યને જિલ્લાના શ્રેષ્ઠ આચાર્યનો પારિતોષિક એનાયત


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

તાજેતરમાં ૫ મી સપ્ટેમ્બરના રોજ પાલનપુર મુકામે કાનુભાઈ મહેતા હોલમાં બનાસકાંઠાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સન્માન નો કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ભારત સરકારના રાજ્ય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી તથા ગુજરાત સરકારના મંત્રીશ્રી કેશાજી ચૌહાણ તથા ડી.પી.ઈ.ઓ.અને ડી.ઈ.ઓ.શ્રીની હાજરીમાં દિયોદર શાળા નં.-૩ના આચાર્ય શ્રી મુકેશભાઈ એસ.ત્રિવેદીને જિલ્લાના શ્રેષ્ઠ આચાર્યનો પારિતોષિક માનનિય શ્રી હરીભાઈ ચૌધરીના હસ્તે રૂ.૧૫૦૦૦/-નો ચેક,સાલ તથા પ્રમાણ પત્ર એનાયત કરી સન્માનિત કરેલ તથા આ શાળાના ઉ.શિ.શ્રી હસમુખભાઈ ડી.વાઘેલાને તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ આપી સન્માનીત કરેલ.આ પ્રસંગે શાળાનો સમગ્ર પરિવાર કાર્યક્રમમાં હાજર રહી એવોર્ડ લેતા બંન્ને શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# વડાણા(સા.) ગામે રામદેવ પીર મંદિરે નેજુ ચડાવ્યું

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના વડાણા(સા.) મુકામે આવેલ રામદેવ પીરના મંદિરે ભાદરવા મહિનાની નોમના દિવસે રામદેવ પીરને નેજુ ચડાવવામાં આવેલ.આ પ્રસંગે વડાણા તેમજ આજુબાજુના ભક્તો પધારેલ અને બાબાના દર્શનનો લાભ લીધેલ અને પ્રસંગે મહંત શ્રી કનકગીરી બાપુના દર્શન કરેલ.

આ મંદિરે વર્ષોથી પરંપરાગત નેજુ ચડાવતા લુહાર જયંતિભાઈ જે., ભલાભાઈ લુહાર, સરદારભાઈ, રાહુલકુમાર વિગેરેએ લાભ લીધેલ.

# માલગઢની આદર્શ હાઈસ્કુલમાં ૪૯ મો યુવા મહોત્સવ યોજાયો


દિપક સુંદેશા

પ્રતિનિધિ માલગઢ

ડીસા તાલુકાના માલગઢ ગામની શેઠ શ્રી એલ.એચ. માળી આદર્શ હાઈસ્કુલમાં સોમવારે ગુજરાત સરકાર દ્વારા ૪૯ મો ડીસા તાલુકા યુવા મહોત્સવ યોજાયો હતો. જેમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. જ્યારે વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે અને વિદ્યાર્થીઓનું વિશિષ્ટ રીતે ઘડતર થાય તે હેતુથી ૪૯ મો ડીસા તાલુકા યુવા મહોત્સવ યોજાયો હતો. જ્યારે છાત્રો અને મહેમાનોનું વિશિષ્ટ સન્માન કરાયું હતું.આ પ્રસંગે હાઈસ્કુલના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ જી. પઢિયાર, માલગઢના સરપંચ શ્રવણકુમાર ગીગાજી પરમાર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મગનલાલ માળી, પૂર્વ ડેલીગેટ નરેશભાઈ સોલંકી, આચાર્ય દેવરાજભાઈ રાવલ, લેબજીભાઈ ઠાકોર, વ્યાયામ શિક્ષક મુકેશભાઈ પઢિયાર, જીગ્નેશભાઈ એચ. ટાંક, શાન્તીલાલ સુંદેશા, ભાસ્કરભાઈ રાવલ, ત્રંબકભાઈ ત્રિવેદી, પીન્ટુભાઈ વાળંદ, ભરતભાઈ પ્રજાપતિ, સાધનાબેન, શિક્ષકો, છાત્રો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આસોદર ગામે દેવું (માલધારી) પરિવાર દ્વારા ગંગાથાળીનું આયોજન


શ્રવણ સાધુ

પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામે સમાજનું ઋણ અદા કરવા અને જીવનસાર્થક કરવાના હેતુસર દેવું દેવાભાઈ મૂળાભાઈ તથા સ્વ.દેવું તેજાભાઈ મૂળા ભાઈના પરિવાર જનોએ તા.૧૦/૯/૧૭ ના રવિવારના રોજ ગંગાથાળી (ન્યાતગંગા)નું ભવ્ય આયોજન કરેલ. પરિવારના સભ્યોએ હરિદ્વાર ગંગાજીની યાત્રા કરી સમગ્ર વિહોતર સમાજને પોતાના ઓગણે બોલાવી ઋણ અદા કરવાનું નક્કી કર્યુ.

આ પ્રસંગે સમાજના તમામ ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપીને ભોજન પ્રસાદ નો લાભ લીધો. આ પ્રસંગે ઢીમા સંત સરયુદાસજી મહારાજ, રેવાપુરીજી મહારાજ તેમજ જગતપુરીજી બાપજી આસોદર સદર પરિવારને સત્કાર્યો બદલ આર્શીવચન આપેલ. આસોદર ગામનો તમામ જન સમુદાય ઉપરાંત થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ, ચેરમેન બાબરભાઈ પટેલ તથા મગનભાઈ દેસાઈ, નાથજી ભુવા ભોરડું તેમજ વિહોતર સમાજના આગેવાનોએ હાજરી આપેલ.

દેવું પરિવાર મહેશભાઈ દેસાઈ, ભૂરાભાઈ, વરજંગભાઈ, ભેમાભાઈ, ઓબાભાઈ તથા સ્વ. હેમરાજભાઈ તથા રોમાભાઈ તથા આસોદરનો સમસ્ત દેવું પરિવાર જનોએ આ પ્રસંગનો લાભ લીધેલ.

# ભાભર તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું


વનરાજસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાના ભોડાલીયા પ્રા.શાળામાં તાલુકા કક્ષાનું વિજ્ઞાન- ગણિત પ્રદર્શન યોજાયું હતું. જી.સી.ઈ. આર.ટી. પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાલનપુર આયોજીત ભાભર તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં વિભાગ-૧ થી ૫ માં પ્રથમ નંબરે કપરૂપુર પ્રા.શાળા, માધુપુરા પ્રા.શાળા, લાડુલા પ્રા.શાળા, તેતરવા પ્રા. શાળા અને સુથાર નેસડી પે.કે. શાળાના બાળકો સુંદર કૃતિઓ રજુ કરીને બાળ વૈજ્ઞાનિકો તરીકે ઉભરી આવ્યા હતા. જેમને પ્રમાણપત્ર અને ઈનામો આપીને સન્માનિત કરાયા હતા.આ પ્રસંગે તા. પ્રા.શિક્ષણા અધિકારી એન.બી. કાપડી, જિ.શિ. તાલીમ ભવનમાંથી લાયઝન બી.એમ. રબારી, ભાભર તાલુકા બી.આર. સી.કો. ઓર્ડિનેટર મનોજભાઈ સુથાર, ભાભર તા. શિ.સંઘના પ્રમુખ વાઘજીભાઈ દેસાઈ, શાળાના આચાર્યો, શિક્ષકો હાજર રહીને બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું.

# લવાણા ગામે કોંગ્રેસ દ્વારા નર્મદા રથનો વિરોધ


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

સમગ્ર ગુજરાત માં નર્મદા રથ યાત્રા મોહોત્સવ ચાલી રહ્યો છે જેના ભાગ રૂપે બનાસકાંઠા ના લાખણી તાલુકા માં પણ ગઈ કાલ થી નર્મદા રથ યાત્રા નો પ્રારંભ થયો હતો જે નર્મદા યાત્રા નો રથ લવાણા ગામે આવી પોહચતા કોંગ્રેસી કાર્યકરોએ રથ ઉપર સરદાર વલ્લભભાઈ પટેલ નો ફોટો લગાવી વિરોધ કરવા જતા કોંગ્રેસ અને ભાજપ ના કાર્યકરો સામ સામે આવી જતા થોડીવાર માટે અફડા તફડી મચી ગઇ હતી.

ગુજરાત સરકાર દ્વારા હાલ માં સમગ્ર ગુજરાત માં નર્મદા યાત્રા નિકાળી ગામડે ગામડે નર્મદા રથ યાત્રા ફેરવી લોકો ને નર્મદા વિસે માહિતી આપવામાં આવી રહી છે જે નર્મદા રથ યાત્રા માં ગુજરાત માં ઘણી જગ્યાએ વિરોધ થયો હોવાનું પણ સામે આવ્યું છે જયારે ગત રોજ લાખણી તાલુકા નો નર્મદા રથ લવાણા ગામે આવી પોહચતા કોંગ્રેસ ના કાર્યકરોએ નર્મદા રથ ઉપર સરદાર વલ્લભભાઈપટેલ નો ફોટો લગાવી વિરોધ નોંધાવા જતા ભાજપ અને કોંગ્રેસ ના કાર્યકરો સામ સામે આવી ગયા હતા અને થોડીવાર માટે અફડા તફડી મચી ગઇ હતી જોકે જયરબાદ દિયોદર પોલીસે દસ થી બાર કોંગ્રેસી કાર્યકરો ની અટકાયાત કરી આગળ ની તપાસ હાથ ધરી હતી.

આ બાબતે શ્રવણ દવે (કોંગ્રેસ કાર્યકર)એ જણાવ્યું હતું કે, હાલ માં ગુજરાત સરકાર દવરા નર્મદા રથ યાત્રા નિકાળી નર્મદા મોહોત્સવ ની ઉજવણી કરવામાં આવી રહી છે પરંતુ નર્મદા નો પાયો નાખનાર સરદાર વલ્લભભાઈ પટેલ નો ફોટો નર્મદા રથ ઉપર ના હોવાથી કોંગ્રેસ ના કાર્યકરો દ્વારા રથ ઉપર સરદાર પટેલ નો ફોટો ચોંટાડતા ભાજપ ના કાર્યકરો દ્વારા આવી કોંગ્રેસ ના કાર્યકરો ને ગંદી ગાળો બોલી જપા જપી કરી માર મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

### બે બે વખત પૂરનો સામનો કરનાર

# વાવ તાલુકાના નાળોદર ગામને નવા સ્થળે વસાવવા લે આઉટ પ્લાન તૈયાર

**મુખ્યમંત્રી અને રાજ્ય મંત્રીએ પૂરની સ્થિતિની ગંભીરતા જાણી નવુ ગામ વસાવવા નોંધ લીધી હતી**


વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના નાળોદર ગામે વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭ માં એમ બે બે વખત પૂરનો સામનો કરવો પડ્યો છે. તેમાંય જુલાઈ ૨૦૧૭ માં વિનાશક પૂરના કારણે ગામમાં વ્યાપક તારાજી સર્જવાની સાથે વિકટ પરિસ્થિતિ ઉદ્ભવી હતી. ત્યારે તે વખતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ ગામની જાત મુલાકાત લઈ નિરીક્ષણ કરી ગામને નવા સ્થળે વસાવવા નોંધ લીધી હતી. જે અનુસંધાને નવુ ગામ વસાવવાનો લે આઉટ પ્લાન(નકશો) તૈયાર કરાયો છે.

સરહદી વાવ તાલુકામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭ માં અતિ ભારે વરસાદ અને પૂરના પગલે નાળોદર ગામને ખુબ જ વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હતો. આ વર્ષે જુલાઈ ૨૦૧૭ માં અતિભારે વરસાદ અને પાણીના પૂરના લીધે નાળોદર ગામમાં પાણીનો પ્રવાહ આવતા અફડાતફડી મચી જવા પામી હતી. જેની ગંભીર નોંધ લઈ વાવના ધારાસભ્ય અને રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ હેલીકોપ્ટર દ્વારા પરિસ્થિતિનો ચિતાર મેળવી જાત નિરીક્ષણ કરી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત કરતાં, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ નાળોદર ગામની જાતમુલાકાત મેળવી સમગ્ર પરિસ્થિતિનો ચિતાર મેળવી અને આવા નીચાણવાળા ગામને અન્ય સ્થળે વસાવવા માટે સુચન કર્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# થરાદના યુવકે ઝેરી દવા પી લેતા ચકચાર

**સ્યુસાઈડ નોટમાં ૩ પોલીસ અધિકારી અને ૪ લોકોના નામ ખુલ્યા**



પ્રતિનિધિ થરાદ

થરાદના યુવકે ઝેરી દવા પી લેતા તાત્કાલિક રેફરલમાં ખસેડાયો હતો. જ્યાં પોલીસને મળેલી 'સ્યુસાઈડ નોટ' માં કેટલાક પોલીસ અધિકારીઓ અને કડીના માથાભારે લોકોના નામ ખુલતા ચકચાર મચી જવા પામી છે.

સરહદી થરાદ શહેરમાં છેલ્લા સાત વર્ષથી પરિવાર સાથે રહેતો દિલીપ નરસિંહભાઈ રામી (ઝાલા) અગાઉ પરિવાર સાથે કડી (જિ.મહેસાણા) ની બનાસકાંઠા સોસાયટીમાં રહેતો હતો. જેણે ગઈકાલે અચાનક ઝેરી દવા પી આપઘાતનો પ્રયાણ કર્યો હતો. તેથી તેને રેફરલ ખસેડાયો હતો. જ્યાં પોલીસ દોડી આવતા તેની પાસેથી 'સ્યુસાઈડ નોટ' મળી આવી હતી. જેમાં તેણે જણાવ્યું હતુ કે કડીમાં વસવાટ દરમ્યાન માટે લડાઈ ઝગડા અને દારૂના કેસ થયેલા હતા. જેથી અવારનવાર કડી કોર્ટમાં મુદ્દતે જવું પડે છે. પરંતુ વિજીલન્સ શાખાના પી.આઈ. વિડઝ ગામે થયેલ તેલ ચોરીનો મારા ઉપર શક રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપે છે. રાતે મને ઝાંખુ દેખાય છે તેમ છતાં હારીજ પી.એસ.આઈ., રાધનપુર એ.સી.પી. અને શંખેશ્વર પી.આઈ. અને શંખેશ્વર પી.આઈ. તેને અવારનવાર પોલીસ મથકે બોલાવી ત્રાસ ગુજારે છે. મારા એક મિત્રે આઠ વર્ષ અગાઉ પ્રેમ લગ્ન કરેલ હોઈ તેનો પણ મારા ઉપર શક રાખે છે. બીજી બાજુ કડીના ગીરીશભાઈ પરમાર, ભાવેશ ઈશ્વરભાઈ રામી, બાબુ હીરાભાઈ પ્રજાપતિ અને અંબાલાલ નાગજીભાઈ માળી રેડ પડાવવાનો ખોટો શક કરી મને કોર્ટમાં જતા આવતા રોકી અપશબ્દો બોલી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપે છે. જેથી આ તમામના ત્રાસથી કંટાળી મોતને વ્હાલું કરું છું. પોલીસે 'સ્યુસાઈડ નોટ' ના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડુતોએ નૈવેધ ન ધરાવતા વિજ કર્મચારીઓ ડીપી પરત લઈ ગયા

### ખેડુતોમાં આક્રોશ : સરપંચ દ્વારા ઉચ્ચસ્તરે રજુઆતો


મુકેશ સોની

પ્રતિનિધિ ગણતા

થરાદ તાલુકાના લુવાણા (ક) ગામે ગૃપમાં વિજ ડીપી ધરાવતા ત્રણ ખેડુતોની ડીપી નાખવા આવેલા વિજ કર્મચારીઓએ નૈવેધની માંગ કરી હતી. પરંતુ ખેડુતોએ નૈવેધ ધરાવવાનો ઈન્કાર કરતા કર્મચારીઓ ડીપી લઈને પરત જતા રહ્યા હતા.

રાજ્યમાં વિકાસની આડમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે. તેમાં પણ સરકારી કર્મચારીઓ નૈવેધ લીધા વિના કામ કરતા નથી. જેના પ્રકાશમાં આવેલા ચોંકાવનારા બનાવની મળતી વિગતો મુજબ લુવાણા (ક) ગામના પટેલ હીરાજી પીરાજી અને અન્ય બે ખેડુત ગૃપમાં વિજ ડીપી ધરાવે છે. જેમની વિજ ડીપી બળી જતા પીવા અને સિંચાઈ માટેના પાણીનો પ્રશ્ન સર્જાયો હતો. તેથી તેમણે ઉત્તર ગુજરાત વિજ કંપનીમાં બળેલ ડીપીનો ગત તા. ૩૦/૮/૨૦૧૭ ના રોજ રીપોર્ટ કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં ગેંગવોરમાં ૧૨ સામે ફરિયાદ : ૫ ઝડપાયા

**ગુનામાં વપરાયેલા હથિયારો કબ્જે કર્યાઃ બંને ગેંગના ગુન્હાહિત ઈતિહાસની તપાસ કરાશેઃ-એસ.પી.**


સંજય જોષી

પાલનપુર

પાલનપુરમાં ધોળા દિવસે થયેલા ફાયરીંગ મામલે પોલીસે કુલ ૧૨ આરોપીઓ સામે ફરિયાદ નોંધી છે. પાલનપુરની બે ગેંગના સામસામે ફાયરીંગમાં પોલીસે બંને જૂથો સામે ફરિયાદ દાખલ કરી ૫ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ગુનાના કામમાં વપરાયેલા હથીયારોને પણ કબજે કરી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુરમાં હોટલના કબ્જા બાબતે લઘુમતી સમુદાયના બે જૂથો સામસામે આવી ગયા હતા. જેના પગલે બંને જૂથોએ રિવોલ્વર સહિતના ઘાતક હથિયારો સાથે એક બીજા પર હુમલો કર્યો હતો. જેમાં ૫ રાઉન્ડ જેટલું ફાયરીંગ પણ કરવામાં આવ્યું હતું. પાલનપુર રેલ્વે સ્ટેશન થી શિમલા ગેટ જતા માર્ગ પર હોટલ રહીમી આવેલી છે. જેના કબ્જા બાબતે બે જૂથો વચ્ચે તકરાર થઈ. બને જૂથોએ હથિયારો અને રિવોલ્વર વડે એકબીજા પર ફાયરીંગ કર્યું. જેના કારણે આ વિસ્તારમાં લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ફાયરીંગની ઘટનામાં કુલ ૪ લોકો ઘાયલ થાય હતા.

અનુસંધાન પાના નં.૬

# દીઓદરમાં દુકાન તોડી ઉઠાંતરી

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદરમાં ન્યાય મંદિર સંકુલ સામે આવેલ વિહત ઈલેકટ્રીક સ્ટોરની દુકાનમાંથી તા.૧૧-૯-૨૦૧૭ના રોજ દુકાનના ઉપરના ભાગે પતરાં તોડી દુકાનમાંથી બે એલ.સી.ડી. તથા એક ટીવી જેની અંદાજીત કીંમત રૂા.૪૫૦૦૦/-ની ઉઠાંતરી થઈ હોવાની દીઓદર પોલીસ સ્ટેશને વાઘેલા ગણપતસિંહ વિહાજી (રહે.ધુણસોલ હાલ રહે.દીઓદર)એ નોંધાવેલ છે.દીઓદર પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# મલાણા ગામની પરિણીતાએ આપઘાત કરતા ચકચાર


સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના મલાણા ગામની ૨૪ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર તાલુકાના મલાણા ગામની પરિણીતા સંજના ઉર્ફે દુર્ગા સતીશભાઈ શ્રીમાળીએ ગતરોજ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેની જાણ થતા પોલીસે પરિણીતાના મૃતદેહ ને પી.એમ.અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જોકે, પરિણીતાના મોતને લઈને પાલનપુર સિવિલમાં પિયર પક્ષના લોકો દોડી આવ્યા હતા. જેઓએ પોતાની દીકરીની હત્યા કરાઈ હોવાના આક્ષેપો સાથે ન્યાયની ગુહાર લગાવી હતી. જોકે, પાલનપુર પશ્ચિમ પોલીસએ અકસ્માતે મોત નો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસાના રહેણાક મકાનમાં ચોરી કરતા બે ઈસમો ઝડપાયા

### રૂ.૩૬૨૦૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો



ડીસા

ડીસાના રહેણાક મકાનમાં ચોરી થયા મામલે ફરિયાદ નોંધાઇ હતી ત્યાર શહેરના દક્ષિણ પોલીસે આ મામલે તપાસના ચક્રોગતિમાન કરી આ ગુનામાં સંડોવાયેલા બે શખ્સોને અંગત બાતમીના આધારે ઝડપી લીધા હતા. બાદમાં બે શખ્સો ની પૂછપરછ કરતા તેઓએ ચોરી કરી હોવાનું કબુલતા લેપટોપ, તથા ડોગલ સહિતનો રૂ.૩૬૨૦૦નો મુદામાલ કબ્જે કરી લીધો હતો.

ડીસા દક્ષિણ પોલીસ મથકે અગાઉ અંકિતભાઈ રાજેન્દ્રપ્રસાદ ગુપ્તાના રહેણાક મકાનમાં તસ્કરો ત્રાટકી મોબાઈલ, લેપટોપ, ડોગલ સહિતની વસ્તુઓ ચોરી પલાયન થઈ ગયા હતા. આ મામલે શહેરના દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. ત્યારે દક્ષિણ પોલીસ મથકના પી.આઈ સોલંકી સહિત તેમની ટીમે અંગત બાતમીના આધારે તપાસના ચક્રોગતિમાન કરી મોઢેશ્વરી સોસાયટીમાં રહેતા જગદીશકુમાર ઉર્ફે જીગો ઉર્ફે જીગર વિષ્ણુભાઈ સાધુ તથા સિંધી કોલોની ખાતે રહેતા દીપકભાઈ કલાજી ઠાકોરને ઝડપી લીધા હતા .બાદમા આ બન્નેની પૂછપરછ હાથ ધરતા તેઓએ ચોરી કરી હોવાનું કબૂલ્યુ હતું.જેથી તેઓની પાસેથી લેપટોપ, ડોગલ સહિતનો રૂ.૩૬ હજાર ૨૦૦નો મુદામાલ મળી આવતા પોલીસે મુદ્દામાલ કબ્જે લઇ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસા તાલુકાના બલોધર ગામે યુવકનું શંકાસ્પદ મોત થતાં ચકચાર

**પરિવારજનોએ લાશ સ્વીકારવાનો ઈન્કાર કર્યો : બાદમાં સમજાવટથી મૃતકની અંતિમવિધિ કરાઈ**



પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાની બલોધર ગામ વાલ્મીકિ સમાજના એક યુવકનું શંકાસ્પદ મોત થતાં ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ ડીસા તાલુકાના બલોધર ગામે એક ખેડૂતને ત્યાં ભાગીયા તરીકે રહેતા વાલમીકિ મહેશભાઈ ઉકાભાઈ (મેજીયાતર) ઉ.વ.૧૯ ની મૃત હાલતમાં તેના જ છાપરૂ પાસેથી લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી.

આ ઘટનાની જાણ મૃતકની બહેનને થતાં બુમાબુમ કરતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. આ અંગેની જાણ ભીલડી પોલીસમાં કરતા પોલીસ ઘટના સ્થળે પહોચી લાશનો કબજો લઈ ભીલડી સી.એચ.સી માં પીએમ અર્થે ખસેડી હતી.પરંતુ મૃતકના વાલીઓ લાશ સ્વીકારવાનો ઈન્કાર કરતા વાતાવરણ તંગ બની ગયું હતું આથી દિયોદર ડીવાયએસપી મકવાણા ઘટના સ્થળ પહોચી જઈને વારસદારોના રજૂઆતના પગલે પાલનપુરથી ડોગ સ્કોડ તેમજ એફ.એસ.એલ.ની ટીમ દ્વારા તપાસ હાથ ધરી હતી.જયારે બીજી તરફ ભાજપા અગ્રણી અને બનાસબેંકના ડીરેકટર બાબુભાઈ પાનકુટા અને બાબુભાઈ મલાભાઈ (નાની ઘરનાળવાળા) મધ્યસ્થી બની કુટુંબીજનો સમજાવટ બાદ લાશ સ્વીકારી હતી અને બલોધર ગામે મૃતકની અંતિમવિધિ કરી હતી મૃતકના પિતા ઉકાભાઈ વસરામભાઈ વાલ્મીકિએ ભીલડી પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધવી હતી જેની તપાસ ઈન્ચાર્જ પી.એસ.આઈ ગાંધે ચાલવી રહ્યા છે.

# વડગામના જલોત્રાની સીમમાંથી રૂા.૨૫,૬૦૦ નો વિદેશી દારૂ ઝડપાયો

### ખેતરમાં કામ કરતો ભાગીયો ઓરડીમાં દારૂ રાખી વેપાર કરતો હતો


સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના જલોત્રા ગામની સીમમાં આવેલ એક ખેતરની ઓરડીમાંથી રૂા.૨૫,૬૦૦ નો વિદેશી(બોટલ નં.૨૦૫) વડગામ પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ બડગુર્જરની સુચનાથી વડગામ પોલીસે મંગળવાર સાંજે બાતમી આધારે જલોત્રાની સીમમાં આવેલ લક્ષ્મણભાઈ પટેલના ખેતરમાં ઓચિંતો દરોડો પાડતા ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતો સરતાનસિંહ સરદારસિંહ ડાભી રહે.ધોરીવાળો પોતાની ભોગવટાની ઓરડીમાં વિદેશી દારૂ રાખી વેપાર કરતો હોવાનું જણાઈ આવેલ અને ઓરડીમાંથી રૂા.૨૫,૬૦૦ નો વિદેશી દારૂ(વિવિધ માર્કાની બોટલ નંગ.૨૦૫) ઝડપી પાડી આરોપી સરતાનસિંહ ડાભી વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી પી.એસ.આઈ. એમ.એન.દેસાઈ વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું જાણવા મળે છે.જો કે આરોપી પોલીસને જોઈ ફરાર થઈ ગયો હતો.

# વડગામ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ પડતર માંગણીઓ મુદ્દે મામલતદારને આવેદનપત્ર આપ્યું


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ તાજેતરમાં પડતર માંગણીઓ મુદ્દે વડગામ મામલતદાર આર.એમ. ચૌહાણને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ પગાર ધોરણ સહિત વિવિધ માગણીઓ હેલ્થ વર્કર(યુ) કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ રૂા.૫૨૦૦, રૂા.૨૦૨૦૦ ગ્રેડ પે આપવામાં આવતાં નથી એવી માંગણીઓ અને પગાર વિસંગતતા દુર કરવા ઉપરાંત પ્રમોશનની તક પણ મર્યાદિત હોવાથી પ્રા.શિક્ષકની જેમ પગાર ધોરણ ૯-વર્ષ, ૨૦ વર્ષ, ૩૧ વર્ષ કરી આપવાની માંગણી કરાઈ હતી.

# ખેમાણા ટોલનાકા પાસે અકસ્માત : ૪ ઘાયલ

પાલનપુર

પાલનપુર-આબુ હાઈવે પર ખેમાણા ટોલટેક્સ નજીક સ્વિફ્ટ કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૪ લોકો ઘાયલ થયા હતા.

ખેમાણા ટોલનાકા પાસે ટ્રક અને કાર વચ્ચે થયેલ અકસ્માતમા ૪ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અકસ્માતમાં ઘાયલ અમદાવાદના વિક્રમસિંહ મનુસિંહ રાઠોડ ઉ.૨૫ અને ગાંધીનગરના રહીશ રાજેન્દ્રસિંહ અર્જુનસિંહ વાઘેલા ઉ.૩૫ને વધુ ઈજા થતા દાખલ કરાયા હતા. જયારે અન્ય ૨ લોકોને સામાન્ય ઈજા થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# વાવના ખરડોલ ગામે નર્મદારથનો કોંગ્રેસ દ્વારા વિરોધ


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના ગામે ગામમાં નર્મદા મહોત્સવ અંતર્ગત નર્મદા રથ ફરી રહ્યો છે જ્યાં ભાજપના શાસન દરમિયાન થયેલ નર્મદા યોજનાની સિધ્ધીઓ લોકો સમક્ષ પહોચાડવામાં આવે છે ત્યારે ગામ ગામે ભાજપના અગ્રણીઓ અને કાર્યકર મિત્રો સાથે ફરી રહેલો નર્મદારથ ગતરોજ તા. ૧૩/૯/૧૭ ના રોજ વાવ તાલુકાના અસારા થઈ ચતરાપુરા થઈને ખરડોલ ગામે પહોચતા ખરડોલ ગામના કોંગ્રેસ કાર્યકરોએ નર્મદા રથનો વિરોધ કરી હોબાળો મચાવ્યો હતો. તેઓએ ભાજપ અગ્રણીઓ સમક્ષ વાવ તાલુકાના ગામે ગામ નર્મદાની કેનાલો, બ્રાન્ચો, માઈનોર,પેટા કેનાલો પહોચી છે ત્યારે ખરડોઈ ગામને પીવાનું પાણી મળતું નથી તેવા સુત્રોચાર પોકારી નર્મદારથનો વિવિધ પ્રદર્શન કર્યું હતુ. થોડા હોબાળા બાદ નર્મદારથે ગામ માંપ્રવેશ કરી કાર્યક્રમની શરૂઆત કરી અને ટુંક સમયમાં નર્મદારથના કાયક્રમને પૂર્ણ કર્યો હતો.

# નવસારીના વેસ્મામાં ટ્રક ડ્રાઈવરના મોત સંદર્ભે એસ.એસ.બ્રિક્સના માલિક સહિત ૪ ની ધરપકડ

પ્રતિ. અંકલેશ્વર

નવસારીના વેસ્મા ગામે ટ્રક ચાલકના મોતના પ્રકરણમાં જીપીસીબીએ તપાસ કરતા એવું બહાર આવ્યું છે કે વેસ્મા ગામના ઈંટોના ભઠ્ઠા સંચાલક શાહિદ અને તેના પુત્ર ફરહાને અંકલેશ્વર ઔધોગિક વસાહતના પ્લોટ નંબર ૬૯૦૧ પરના સ્થિત ગોડાઉનમાંથી વેસ્ટ કેમિકલ ટ્રકમાં ભરી મંગાવ્યું હતું.જેને કાપોદ્રાનો ફેઝાન શેખ, છોટુ, અને સુખરામ એ ટ્રક લઈને જઈ રહ્યા હતા ત્યારે રાસાયણિક ગેસની અસર થવાને કારણે ફેઝાન શેખનું મોત નીપજ્યું હતું.જ્યારે છોટુ અને સુખરામ નામના કામદારોની ગંભીર હાલતમાં હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે.જેને લઈને જયંતિભાઈ ચૌધરીએ એસ.એસ.બ્રિક્સના માલિક શાહિદ અને તેના પુત્ર ફરહાન તેમજ અંકલેશ્વરની કંપની સંચાલક તેમજ માલ મોકલનાર વચેટીયા સામે ગુનો નોંધાવ્યો હતો.એવું પણ જાણવા મળી રહ્યું છે કે વેસ્મા પોલીસ અંકલેશ્વરના મહંમદ ચીકના નામના ઈસમને પણ અંકલેશ્વરથી લઈ ગઈ છે અને પોલીસે આ બાબતમાં વધારે તપાસ હાથ ધરી છે.

# નેનાવા ચેકપોસ્ટેથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

### ટ્રકમાં પશુ આહારની બોરીઓ હેઠળ દારૂ છુપાવેલ હતો


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસે નેનાવા ચેકપોસ્ટ ઉપર વાહનોની ચકાસણી દરમ્યાન ઝડપેલ ટાટા ટ્રકમાં પશુ આહારની બોરીઓ હેઠળ સંતાડેલી વિદેશી દારૂની ૨૯૦ પેટી મળી આવી હતી.

નવરાત્રીનો તહેવાર નજીક હોઈ જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાથી ધાનેરા પોલીસે નેનાવા ચેકપોસ્ટ ઉપર વાહનોની ચકાસણી હાથ ધરી હતી. જે દરમ્યાન પુરઝડપે આવેલી ટાટા ટ્રકને પોલીસે ઉભી રાખવાનો ઈશારો કરતા ચાલક ટ્રક મુકી નાસી છુટ્યો હતો. જેથી પોલીસે ટ્રક પોલીસ મથકે લઈ જઈ તલાસી લેતા તેમાં પશુ આહારની બોરીઓ

અનુસંધાન પાના નં.૬

# ધાનેરામાં આદિવાસી સમાજ દ્વારા બંધારણીય અધિકારોના રક્ષણ માટે આવેદનપત્ર


એન.કે.મોદી

તા.પ્રતિ ધાનેરા

તા.૧૩ મી સપ્ટેમ્બરને સંયુક્ત રાષ્ટ્રિસંઘ દ્વારા વિશ્વ અદિવાસી અધિકાર દિન જાહેર કરેલ છે. ત્યારે ગતરોજ ધાનેરા ખાતે આદીવાસી સમાજ દ્વારા અનુસુચિત જનજાતિઓના અધિકારોના રક્ષણ માટે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં સાચા આદિવાસીઓના હક્કો ઉપર તરાપ ન મારવા, નોકરીની ભરતીમાં ૫.૨ ઓકની મર્યાદા અનુસુચિત જનજાતિ માટે કાઢી નાંખવા સહિતની માંગણીઓ કરી છે.

# તંત્રી સ્થાનેથી ...

## મુસ્કાન પ્રેમની ભાષા છે.

## ખેતીને જીએસટીને ! જીએસટી હજી ઘણા સુધારા માંગે છે

કરવસુલી માટે અને કરચોરી પર અંકૂશ મુકવા માટે કેન્દ્ર સરકારે અમલમાં મૂકેલી જીએસટીની કરપ્રણાલિ અત્યાર સુધીની સર્વશ્રશ્રેષ્ઠ કર પદ્ધતિ છે એમાં કોઈ શંકા નથી, પણ તેમાં કેટલીક ક્ષતિઓ પણ છે તેનો ઈન્કાર પણ થઈ શકે તેમ નથી. કરચોરોને ભીડામાં લેવા માટે આ કરપદ્ધતિનું માળખું એવી રીતે ગૂંથવામાં આવ્યું છે કે, તેનાથી પ્રમાણિક વ્યવસાયિકોને પણ પરેશાની થઈ રહી છે. મોટા વ્યવસાયિકો તો આ કરપદ્ધતિને પહોંચી વળવા પગારદાર માણસોનો લાભ લઈ શકે પણ નાના વ્યવસાયિકો કાયમી એકાઉંટંટ રાખી શકે નહીં. મોટા નિષ્ણાતો પણ હજી જીએસટીને બરાબર સમજી શકયા નથી ત્યાં નાના વેપારીઓ અને સામાન્ય હિસાબનીશોએકાઉંટંટો ક્યાંથી સમજી શકે ? ઉદ્યોગો વધતાં એકાઉંટ લખનારાઓની માંગ વધી છે અને અછત ઉભી થઈ છે. છૂટક નામાનું કામ કરનારાઓને એવો તડાકો પડ્યો છે કે તેઓ પોતાના કામને પહોંચી વળી શકતા નથી. એટલે દર મહિને રિટર્ન ભરવાની ઝંઝટથી નાના વ્યવસાયિકો પરેશાન થઈ ગયા છે.

અલબત, સરકારે આવનારી સમસ્યાઓને ઉકેલવા માટે મન ખુલ્લું રાખ્યું છે. પણ આ સમસ્યાઓ ઉકેલાય ત્યાં સુધી લોકાનો ધંધા રોજગારને માઠી અસર ભોગવવી પડશે. નાના વેપારીઓ કહે છે કે અમે અમારો ધંધો કરીએ કે ગૂંચવણભર્યા રિર્ટન તૈયાર કરવા પાછળ સમય વેડફીએ ? કોમ્પ્યુટર અને પ્રિન્ટર રિપેર કરનાર એક વ્યવસાયિકે 'વાવડ'ને જણાવ્યું કે, હું વરસે ૨૦ લાખનું ટર્નઓવર ધરાવતો નથી, પણ સરકારી સહિતની કચેરીઓ મારા બીલ સાથે જીએસટીના નંબરનો આગ્રહ રાખે છે તેથી મારે જીએસટી નંબર લેવા પડ્યા છે પણ દર મહિને દિવસો સુધી મારે રિટર્ન ભરવા માટે અને તેની તૈયારી માટે પરેશાન થવું પડે છે. હું મારૂં રિપેરીંગનું કામ આથી સમયસર કરી શકતો નથી.

કેટલાક વ્યવસાયોને જીએસટીના ઉંચા દરના કારણે ખર્ચ વધી જવાથી તેમના નફામાં કાપ પડ્યો છે. ખેડૂતોની વાત કરીએ તો ટ્રેકટર સહિતના યાંત્રિક સાધનો પર ૧૨ ટકા, ડ્રીપ ઈરીગેશનના સાધનો પર ૧૮ ટકા અને દવાઓ, રાસાયણિક ખાતર વગેરે પર પાંચ ટકા જીએસટીના દર ખેડૂતોની મૂશ્કેલીમાં વધારો કરે છે. વીજળીના દર પણ જીએસટીના કારણે વધ્યા છે. વરસાદની અનિયમિતતાને લઈ અવારનવાર નાણા અને મહેનત ખર્ચીને વાવેલું બિયારણ નિષ્ફળ જાય છે તેવા સંજોગોમાં ખેત ઉપયોગી વસ્તુઓ સસ્તી કરવાના બદલે જીએસટીને લઈ મોંઘી થઈ છે. આપી શકાતા હોય તો ખેડૂતને પાણી અને વીજળી મફત આપવા જોઈએ, જે આપી શકાતા નથી ત્યારે તેમને ઉપયોગી જણસોને તો સરકાર કરવેરાથી મુક્ત રાખી શકે. એવી જ રીતે પહેલીવાર સરકારે અખબારોમાં પ્રગટ થતી જાહેરાતો પર જીએસટી લાગુ કર્યો છે. અખબારોની એક વિડંબણા છે કે, અખબારના વેચાણમાં કોઈપણ અખબારને નફો થતો નથી, બલ્કે ખોટ જાય છે. જેમ ફેલાવો વધે તેમ અખબારની ખોટ વધે છે. છતાં સરકારે જીએસટી નંબર માટે જે ૨૦ લાખના ટર્નઓવરની મર્યાદા રાખી છે તે ખોટ આપતા વેચાણના આંકડા તેમાં જોડવાના હોઈ ખાસ કરીને નાના અખબારોની પરેશાની વધી ગઈ છે. જીએસટીને પાત્ર જાહેરાત ભલે ૨૦ લાખથી ઓછી થતી હોય પણ અખબારના ખોટ કરતા વેચાણના આંકડાને લઈ તેમના માટે જીએસટી નંબર ફરજિયાત થઈ ગયો છે. કોઈ નાના અખબારનું કુલ્લ ટર્નઓવર ૨૦ લાખથી ઓછું હોય તો પણ જાહેરાત આપનાર સરકારી કચેરીઓ અને વેપારીઓ જીએસટી નંબર માંગે છે. કેમ કે તેમને જાહેરાતના એ ખર્ચની ક્રેડીટ તો જ મળી શકે, જો અખબાર જીએસટી નંબર ધરાવતું હોય. ખરેખર તો જીએસટી નંબર નહોય તો તે અખબારમાં અપાયેલી જાહેરાત પર કોઈ ટેક્ષ જ ન લાગતો હોઈ તેમણે જીએસટી નંબરનો આગ્રહ રાખવો જરૂરી નથી બનતો. પણ તે છતાં આગ્રહ રખાય છે. પરિણામે જે તે એકમ-સંસ્થાની જાહેરાત મેળવવા દરેક અખબાર માટે જીએસટી નંબર લેવો ફરજિયાત જેવું થઈ ગયું છે.

ખાસ કરીને મોટા અખબારોમાં જાહેરાતનું પ્રમાણ વધુ હોય છે અને તેમને ૯૦ ટકા જાહેરખબરો જાહેરખબરની એજન્સીઓ મારફતે મળતી હોય છે. એટલે સરકાર અખબાર પર જીએસટી નાખવાને બદલે એજન્સીઓ પર જ નાખવો જોઈએ. અખબાર જાહેરાતનું બિલ જીએસટી લગાવીને એજન્સીને આપે છે. તેની તેને ક્રેડિટ મળે છે અને એજન્સી પોતાના બિલમાં જીએસટી ચઢાવીને જાહેરખબર દાતા પાસેથી તે વસુલે છે. અખબાર પણ એજન્સી પાસે વસુલેલા જીએસટીના નાણા સરકારમાં ભરે છે અને એજન્સી પણ સરકારમાં પોતે વસુલેલા નાણાં ભરે છે. અખબારને સરકારે ક્રેડીટ આપવી પડે છે અને તેથી વેરા અધિકારીઓની મહેનત વધે છે. સાથે ઓનલાઈન વેરા ભરવાની પ્રક્રિયા પર ભીડ વધતાં જીએસટીની વેબસાઈટને જામ કરવામાં ફાળો આપે છે. એજન્સી મારફત એ જ જાહેરાત પર વેરો વસૂલી શકાય છે તો અખબારો પર માત્ર કામગીરીનો બોજો શા માટે રાખવામાં આવે છે ? અખબારમાં ડાયરેકટ જાહેરાત આપતી પાર્ટીઓની જાહેરાત પર વેરો વસુલવા માટે જે તે પાર્ટી પર પણ જવાબદારી નાખી શકાય છે. થોડા અનરજીસ્ટર્ડ જાહેરખબરદાતા તેમાં બચી જશે. પરંતુ અનરજીસ્ટર્ડ તો તે જ હશે ને, જેમનો કારોબાર નાનો હશે. દર મહિને જીએસટીનું રિટર્ન ભરવાને બદલે ત્રણ મહિનાનો સમય રાખવો જોઈએ, જેથી કરદાતાઓને સમયમાં બે તૃતિયાંશ ભાગની રાહત મળે. અત્યારે દર મહિને રિટર્ન અને વેરો ભરવો પડે છે. તેના માટે માત્ર ૧૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે તે પણ અનુભવે ઓછો જણાયો છે.

જીઅટીમાં ગુંચવણ કેવી છે તેનો એક દાખલો જોઈએ. અ નામનો વેપારી બ નામના વેપારીને માલ વેચે ત્યારે એની પર જે જીએસટી વસુલે તે સરકારમાં ભરે અને બ નામનો વેપારી ક નામના વેપરીને એ માલનું રિસેલ કરી વેરો વસુલીને સરકારમાં જમા કરાવે અને બ નામના વેપારીને સરકાર એ વેરાની રકમ રિફંડ રૂપે ક્રેડિટ આપે. આમ વેરો ત્રણવાર વસુલાય અને બેવાર સરકાર રીફંડ આપવાની મફતની હજામત કરે. એકવારના વેરા માટે ત્રણ વેપારીઓને કસરત કરવી પડે. શું તે એકવારમાં પતે તેવી વ્યવસ્થા વહેવારૂ ન નીવડે ? સરકારને એનુ કારણ હશે પણ જનતાને પણ શક્ય રાહત આપવાની જરર છે. સરકારે સમીક્ષાના પગલે કેટલાક વેરા ઘટાડ્યા પણ છે. આગળ પણ સમીક્ષા થતી રહેશે અને જરૂરી સુધારા થશે. સરકારનું મન ખુલ્લું છે તો ખેતી અને અખબારોની સમસ્યા પણ ધ્યાનમાં લેશે તેવી આશા રાખીએ.

### આત્મચિંતન

## સદભાવ રાખો, શાંતિ પ્રાપ્ત કરો

જો દૃષ્ટિકોણ બદલી નાખવામાં આવે તો આપણી દુનિયા બિલકુલ જુદી બની જાય છે.સ્વજનો અને સ્નેહીજનોના સદગુણો, સેવા, ઉપકાર, સજ્જનતા અને ઉપયોગિતાને યાદ રાખવામાં આવે તો એવું લાગશે કે જાણે વર્ષોમાં પૂર્વ દિશામાંથી ઉમટી આવતા વાદળોની જેમ તેમની શ્રેષ્ઠત મસ્તિષ્કમાં ઉમટીને આવી રહી છે.ઉપહાર, કરૂણા, સેવા અને સહાયતાથી પ્રેમ અને સહયોગથી ભરેલી આ દુનિયા ત્યારે એટલી સુંદર લાગે છે કે તેના કણે કણ પ્રત્યે શ્રધ્ધાથી મસ્તક નમી જાય છે અને આપો આપ બીજાઓના ઉપકારના ભારથી લદાયેલી લાગે છે.

જીવનમાં પ્રત્યેક પળે આનંદ અને સંતોષની કલ્યાકામય અનુભૂતિઓને પ્રાપ્ત કરતા રહેવું કે દ્વેષ, વિક્ષોભ અને અસંતોષના નરકના અગ્નિમાં બળતા રહેવું તે આપણા પોતાના હાથની વાત છે.આમાં ન કોઈ બીજો અવરોધક બને છે કે ન સહાયક. પોતાનો દૃષ્ટિકોણ જો દોષદર્શી હોય તો તેનું પરિણામ આપણને ઘોર અશાંતિના રૂપમાં જ મળશે અને જો આપણી વિચારવાની રીત પ્રિયદર્શી તથા ગુણગ્રાહી હશે, તો સંસારની વિવિધતા અને વિચિત્રતા આપણા માર્ગમાં વિશેષ વિઘ્ન બની શકે નહિ.સંતોષ તથા આનંદની અનુભુતિઓનો રસાસ્વાદ માણતાં આપણને કોઈ રોકી શકશે નહિ.બંને માર્ગ આપણી સામે ખુલ્લા છે.જે બાજુ ઈચ્છીએ તે બાજુ આપણે પ્રસન્નતાપૂર્વક, સ્વેચ્છાપૂર્વક ખુશી ખુશીથી જઈ શકીએ છીએ.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ગ્રાહકલક્ષી અનુભવ અને જોડાણને વધારવા રેનો ઈન્ડિયાએ માઈ રેનો એપ શરૂ કરી



ગ્રાહકલક્ષી અભિગમને સાકાર કરવાના પોતાના વલણને યથાવત રાખતા ભારતમાં સૌથી ઝડપભેર વિકાસ પામી રહેલી ઓટોમોટીવ બ્રાન્ડ પૈકીની એક રેનો ગ્રાહકો માટે વપરાશકારને અનુકૂળ સ્માર્ટ ફોન એપ્લિકેશન માઈ રેનો શરૂ કરવાની જાહેરાત કરી છે. કારોની રેનોની ઉપલબ્ધ શ્રેણીમાં માઈ રેનો એપ ગ્રાહકોને ૬૦ કરતાં વધારે વિશેષતાની ઓફર કરે છે. તેમાં વાહનના ઈતિહાસની સેવામાં એક્સેસ, પર્સનલાઈઝ્ડ રિમાઈન્ડર્સ અને નોટીફિકેશન્સ, ઓનલાઈ સર્વિસ એપોઈટમેન્ટ્સ, વાહનો માટે ઈન્ટરેક્ટીવ યુઝર મેન્યુઅલ, ડિલરશીપ તથા કસ્ટમર કેરમાં સરળ એક્સેસ, દસ્તાવેજના સંગ્રહ માટે ડિજીટલ વોલ્ટ્સ તથા સાનુકૂળ ઈ-પેમેન્ટ ફેસિલિટીની ઉપલબ્ધતાનો સમાવેશ થાય છે.

એન્ડ્રોઈડ અને આઈઓએસ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવા સાથે માઈ રેનો એપ ઈનટ્યુઈટીવ ડિઝાઈનને લગતા અભિગની શરૂઆત કરી છે,જે વપરાશકાર માટે ખૂબ જ ઉપયોગી છે અને વ્યક્તિગત પ્રત્યાયન મારફતે ગ્રાહકો સાથે એક પ્લેટફોર્મ તરીકે જોડાયેલી રહે છે. ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોને સંતોષવા શ્રેષ્ઠ સેવા પૂરી પાડવા આ એપ કન્સેપ્ટ્યુએલાઈઝ્ડ, ડિઝાઈ કરેલ તથા વિકસાવેલ છે.

## મેજિકબ્રિક્સ કન્ઝ્યુમર ચોઈસ પોલ ખુલાસો કરે છે કે ૯૦ ટકા ઘર ખરીદનાર પોતાના ડેવલપર પર નાદારીની અસરથી અજાણ છે

રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રે (એનસીઆર)માં કેટલાક મુખ્ય ડેવલપરો દ્વારા નાદારી માટે અરજીકરવા પર મેજિકબ્રિક્સના એક કન્ઝયુમર ચોઈસ પોલે ખુલાસો કર્યો છે કે લગભગ ૯૦ ટકા રોકાણકાર પોતાનાઅધિકારો તથા તેમના ડેલવપરની નાદારી ઘોષિત થવા પર પોતાના ઉપર પડતી અસરો વિશે નથી જાણતા હોતા.ભારતની નં ૧ પ્રોપર્ટી સાઈટ મેજિકબ્રિક્સે નાદાર ડેવલપરો વિશે ખરીદનારોની સમજની તપાસ કરવા માટે એકસર્વેક્ષણ (સેમ્પલ સાઈઝ ૯૦૦ લોકોનો) આયોજીત કર્યો. આઈડીબીઆઈ બેન્કના ઈશારા પર જેપી ઈન્ફ્રાસ્ટ્રક્ચરસમૂહનું સંચાલન (વર્તમાનમાં ઉચ્ચતમ ન્યાયાલય દ્વારા રોક લગાવવામાં આવી) ઈન્સૉલ્વેન્સી રેઝોલ્યૂશનપ્રોફેશનલ દ્વારા કરવામાં આવતું જોઈને શ્રીમતી ઈ જયશ્રી કુરુપ, હેડ-કન્ટેન્ટ અને એડવાઈઝરીનું કહેવું છે કે ઈન્સૉલ્વેન્સીના પ્રયાસ આ સુનિશ્ચિત કરવા માટે છે કે ખરીદનારને તેમના ઘર અને લેણદારોને તેમના પૈસા મળીજાય. રિયલ એસ્ટેટમાં આવો પહેલો કેસ હોવાને કારણએ ખરીદનારો સહિત લેણદારોની વિભિન્ન શ્રેણીઓનીસ્થિતિને નિર્ધારિત કરવામાં આવી રહી છે. એકવાર આ કાર્ય થઈ જવા પર ખરીદનારોને નાદારીથી લાભ પ્રાપ્ત થશે કેમકે કાર્ય પ્રગતિમાં છે અને પૂર્ણ થઈ ચૂકેલી પરિયોજનાઓને સોંપવામાં તેજી લાવવામાં આવી રહી છે.

## આઈડીપી એજ્યુકેશન વિદેશમાં અભ્યાસ માટે શિક્ષણ મેળાનું આયોજન કરશે

અમદાવાદ

વિદ્યાર્થીઓ માટે અગ્રણી પ્લેસમેન્ટ સેવા પ્રદાતા આઈડીપી એજ્યુકેશન ઈન્ડિયા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનારા વિદ્યાર્થીઓ માટે ગુરૂવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૭ને બપોરે ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી અમદાવાદના કન્ટ્રીયાર્ડ મેરિયટમાં યૂકે, યૂએસએ, કેનેડા અને ન્યૂઝીલેન્ડના શિક્ષણ મેળાનું આયોજન કરશે. અમદાવાદમાં આયોજીત આઈડીપી શિક્ષણ મેળામાં વિશ્વવિદ્યાલયો અને સંસ્થાઓના પ્રતિનિધિ તથા ફેકલ્ટી ભાગ લેશે તથા ભારતીય વિદ્યાર્થીઓને પોતાના દેશોમાં ઉચ્ચ શિક્ષણ વિશે જાણકારી પૂરી પાડશે. આઈડીપી એજ્યુકેશન ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭ થી ભારતના ૧૫ શહેરોમાં સ્ટડી અબરોડ શિક્ષણ મેળાનું આયોજન કરી રહ્યા છે. બે અઠવાડિયા સુધી ચાલનારા આ મેળાની શરૂઆત જલન્ધરથી થશે અને આનું સમાપન ૨૬ સપ્ટેમ્બરે કોયમ્બટૂરમાં થશે. મેળામાં યૂકે, યૂએસ, કેનેડા અને ન્યૂઝીલેન્ડથી ૮૮થી વધુ વિશ્વવિદ્યાલય અને કોલેજો ભાગ લેશે તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા ઈચ્છુક ભારતીય વિદ્યાર્થીઓને જરૂરી જાણકારી પૂડી પાડશે. આઈડીપી એજ્યુકેશન દુનિયાના અગ્રણી વિદ્યાર્થી પ્લેસમેન્ટ સેવા પ્રદાતા છે જે આઈડીપીના વિશ્વસ્તરીય નેટવર્કમાં શિક્ષણ મેળાનું આયોજન કરે છે. અત્યારસુધી દુનિયામાં ૪ લાખ વિદ્યાર્થીઓને નોકરી આપી ચૂક્યું છે.

## ફોર્ડ ઈન્ડિયા આ સપ્ટેમ્બર ગ્લોબલ કેરિંગ મન્થની સાથે વૉલંટિયરિઝ્મની ભાવનાની ઉજવણી કરશે

ભારતમાં ફોર્ડના ઓપરેશન્સથી લગભગ ૧૪,૦૦૦ સમર્પિત કર્મચારી સપ્ટેમ્બર મહીનામાં ગ્લોબલ મન્થ ઓફ કેરિંગની ઉજવણી માટે એકત્રિત થઈ રહ્યા છે. પોતાના વૉલંટિયર કાર્યોને ૪૭ પરિયોજનાઓમાં વિસ્તારિત કરતા, ભારતમાં ફોર્ડના કર્મચારી ચેન્નઈ, સાણંદ, ગુડગાંવ અને કોઈમ્બટૂરમાં શિક્ષણ, પર્યાવરણ સ્થાયિત્વપૂર્ણતા, સુરક્ષા, સ્વાસ્થ્ય તથા માનવીય સહયોગમાં પોતાનું યોગદાન આપશે. સપ્ટેમ્બર માસમાં આયોજિત કરવા માટે નક્કી કરેલા કેટલાક મુખ્ય વૉલન્ટિયર પ્રોજકટ નિમ્નલેખિત છે : ચેન્નઈ : સાયન્સ વર્કશોપ, વૃક્ષારોપણ, લિટ્રેસી મેલા ઓન વ્હીલ્સ, માસિકસ્ત્રાવ સ્વાસ્થ્ય સંભાળ પર શિક્ષણ, સ્કૂલોમાં ભીંતચિત્ર, ગરીબ સુવિધાહિન બાળકો માટે ગ્રાન્ટનું અભિયાન, કોર્પોરેટ્સ તથા વિશ્વવિદ્યાલયો વગેરેની સાથે ઓટો સેફ્ટી પર વર્કશોપસાણંદ : ગ્રીન મૈરાથોન, કોલેજોમાં ઓટો સેફ્ટી વર્કશોપ, સ્કૂલોમાં પ્રતિભા પ્રતિસ્પર્ધા, થૈલેસીમિયાના દર્દીઓ સાથે એક દિવસ વીતાવવો તથા બ્લડ ઈન્ફ્યૂઝન શિબિરનું આયોજન તથા ઑટો સુરક્ષા વર્કશોપ વગેરે..ગુડગાંવ : અરાવલી પર્વત શ્રેણીમાં વૃક્ષારોપણ, ઓલ્ડ એજ હોમ્સમાં ગ્રાન્ટનું અભિયાન તથા ગરીબ સુવિધાહીન મહિલાઓને આવાસ, ટ્રાફિક અવેરનેસ અભિયાન, થીમ પર આધારિત કળા પ્રતિસ્પર્ધા, સ્પોર્ટ્સ ફેસ્ટ, સ્કૂલ લાઈબ્રેરીનું નિર્માણ વગેરે.કોયમ્બતૂર : સ્કૂલોમાં બ્લેક બોર્ડ પેઈન્ટિંગ અને ભીંતચિત્ર પેઈન્ટિંગ, વૃક્ષારોપણ, સ્કૂલોમાં હાઈજીન તથા સ્વચ્છતા પર જાગૃતતા માટે વર્કશોપ વગેરે.. ભલે સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધતા વધારવાની વાત હોય કે પછી બાળકો તથા પરિવારોની મદદ માટે રચનાત્મક રીતોનું નર્માણ, દરેક ફોર્ડ વૉલન્ટિયર 'બેટર વર્લ્ડ' માટે પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

*એન્ડ પિક્ચર્સ રજૂ કરે છે એક જાદુઈ સફર*

## હેરી પોટર ફિલ્મ સિરિઝ સાથે,દર રવિવારે સવારે ૧૧ વાગ્યે



૨૦ વર્ષ પહેલા, ૨૬ જૂન ૧૯૯૭ના રોજ દર્શકોનો પરિચય હેરી પોટરની જાદુઈ દુનિયા સાથે થયો હતો અને તેના પછી બધુ હમેશા માટે બદલાઈ ગયું હતું. એક તોફાની રાતમાં પોતાના ખરાબ સ્વભાવના અંકલ અને આન્ટી સાથે રહેતા એક છોકરાને તે જાદુગર છે એમ દર્શાવાય છે. જો કે આ સાંભળીને એ છોકરાની સાથે તમામ દર્શકોને પણ એક મોટો આંચકો લાગ્યો હતો પણ તેના પછી એ જોરદાર રોમાંચ જાગ્યો હતો. હેરી પોટર ફિલ્મ સિરિઝમાં હરમોઈની ગ્રેન્જર અને રોન વીજલે પણ હશે, જે હેરીના દુશ્મન લોર્ડ વોલ્ડેમાર્ટનો મુકાબલો કરવામાં હેરીની મદદ કરશે. આ ફ્રેન્ચાઈઝને અનેક પ્રતિષ્ઠિત એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. દરેક ફિલ્મમાં હેરી પોટર અને તેના બેસ્ટ ફ્રેન્ડસ હરમોઈની અને રોનની સાથે જાદુની સફર પર આગળ વધતા દર્શકોએ જાદુને પોતાની રગેરગમાં દોડતો અનુભવ્યો હતો.હેરી પોટર ફિલ્મ સિરિઝની શરૂઆત ૧૭ સપ્ટેમ્બરને સવારે ૧૧ વાગ્યે ફિલ્મ 'હેરી પોટર એન્ડ ધ સોર્સરર સ્ટોન'થી થશે. હેરી પોટર એક અનાથ બાળક છે, જેને એક બેદરકાર અંકલ અને આન્ટી ઉછેરે છે. જ્યારે તેમને ખબર પડી છે કે ૧૧ વર્ષના હેરી પોટર (ડેનિયલ રેડક્લિફ) એક જાદુગર છે તો તે તેને જાદુની વિદ્યા શીખવા હોગવર્ટસ સ્કૂલ ઓફ વિચક્રાફ્ટ એન્ડ વિજાર્ડરીમાં મોકલી દે છે. જ્યાં તેમની મિત્ર રોન વીજલે (રુપર્ટ ગ્રિન્ટ) અને હરમોઈની ગ્રેંજર (એમા વોટસન)થી થાય છે. ત્યાં મુશ્કેલીઓ તેમની પાછળ પડે છે. પોતાના સ્કૂલના વર્ષની સમાપ્તિ વખતે હેરી, રોન અને હરમોઈનીને એક ખતરનાક સીક્રેટનો ખ્યાલ આવે છે અને તે એક દિવ્ય સોર્સરર સ્ટોનની રક્ષા કરતા અનેક પડકારોનો સામનો કરે છે. આ સંઘર્ષ દરમિયાન હેરીનો સામનો પોતાના પરિવારના સૌથી જૂના દુશ્મન લોર્ડ વોલ્ડેમાર્ટ (રાલ્ફ ફિયાન્સ)થી પણ થાયછે. દર વીકએન્ડ રોમાંચને વધારતા, દર રવિવારે ૧૧ વાગ્યે એન્ડ પિકચર્સ પર એક નવી વાર્તા રજૂ કરવામાં આવશે.

## અરીના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે ૩૦મી ટેબલ ટેનીસ આઈટીટીએફ-એટીટીયુ એશિયન કપ ૨૦૧૭નું આયોજન

અમદાવાદ

સૌથી મોટી ટુર્નામેન્ટ ૩૦મી ટેબલ ટેનીસ એશિયન કપ ૨૦૧૭નું ગુજરાતમાં પ્રતિષ્ઠિત ટેબલ ટેનીસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ટીટીએફઆઈ) દ્વારા આયોજન થયું છે જેને ગુજરાત સ્ટેટ ટેબલ ટેનીસ એસોસીએશન હોસ્ટ કરાશે તથા આયોજિત કરાશે જ્યારે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સહયોગ પ્રાપ્ત થશે. એશિયન ટેબલ ટેનીસ યુનિયન (એટીટીયુ) દ્વારા અધિકૃત આ ઈવેન્ટ ૧૫થી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમિયાન અરિના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાશે. એશિયન કપ એ પ્રતિષ્ઠત ૫૦૦૦૦ ડોલરની ઈનામી રકમ ધરાવતી ઈવેન્ટ છે જેમાં ઓલિમ્પિક વુમન્સ મેડાલિસ્ટ લિયુ શિવેન અને પુરૂષોમાં વર્લ્ડ નં. ૨ ઝેનડોંગ સામેલ રહેશે અને એમને હોસ્ટ કરવાનું અમને સન્માન મળ્યું છે. ટુર્નામેન્ટ મલ્ટીસ્પોર્ટ ફેસિલિટી કોમ્પ્લેક્સ અરિના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાવાની છે.'વુમન્સ ઓલિમ્પિક ટીમ ગોલ્ડ મેડાલિસ્ટ લિયુ શિવેન અને પૂર્વ એશિયન કપ ચેમ્પિયન તથા વિશ્વના નં. ૨ ફેન ઝેનડોંગ ક્રમશઃ વુમન્સ અને મેન્સ કેટેગરીમાં સ્ટાર્ટ આપશે. ભારત માટે શરથ કમલ અને માનિકા બત્રા ફ્લેગ બેરર રહેશે. જ્યારે સ્થાનિક સ્તરે હરમીત દેસાઈ મોટું આકર્ષણ બની રહેશે. પ્રથમ ગુજરાત સ્થિત પેડલર મેન્સ વર્લ્ડ રેન્કિંગમાં ટોપ-૧૦૦માં સ્થાન મેળવ્યા પછી હવે તે વધુ એકવાર પ્રથમ ક્રમે આવવા સજ્જ છે.ડ્રો સેરેમની અને વેલકમ રિસેપ્શન ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ યોજાશે તથા ટુર્નામેન્ટનો પ્રારંભ વુમન્સ સિંગલ્સ સાથે ૧૫ સપ્ટેમ્બરથી થશે.

## પારિતોષ ત્રિપાઠી (ટીઆરપી મામા) સુપર ડાન્સર પ્રકરણ ૨ પર પાછા



સુપર ડાન્સર બાળકોની પંસદગીવાળો નૃત્યનાં વાસ્તવિક કાર્યક્રમે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર તેની પ્રથમ સિઝનમાં ઉત્તમ સફળતા દર્શાવી હતી. કાર્યક્રમ પ્રકરણ ૨ સાથે પાછો આવે છે અને દર્શકો આગામી નૃત્ય સંવેદન જોવા માટે રાહ નથી જોઈ શકતા.કાર્યક્રમમાં મૂળ નિર્ણાયકો - શિલ્પા શેટ્ટી કુન્દ્રા, અનુરાગ બાસુ અને ગીતા કપૂરને પાછા જજની બેઠક પર જોશો અને આ કાર્યક્રમમાં મજાક તત્વ જીવંત રાખશે, તેમ પારિતોષ ત્રિપાઠી અને રિત્વીક ધંજાની કાર્યક્રમમાં યજમાનો તરીકે પાછા આવશે. હું ખૂબ જ ઉદાસીન છું અને મારું હૃદય ઝડપથી ધડકે છે.

ઘરે પાછા આવવાની લાગણી વ્યક્ત કરવી ખૂબ જ મુશ્કેલ છે અને સુપર ડાન્સર મારા માટે એક ઘર કરતાં વધુ છે. તે તબક્કે હોવું તે એક ઉત્તેજક ક્ષણ છે, જેણે મને ફરી જન્મ આપ્યો. હું ફરીથી મારા પ્રખ્યાત પાત્ર 'મામા'ને ભજવવાની આતુરતાથી રાહ જોઈ રહ્યો છું. મારા પર ફરીથી વિશ્વાસ કરવા માટે અને મને આ કાર્યક્રમનો એક ભાગ બનવાની તક આપી તે માટે હું ચેનલનો આભાર માનું છું. પેરિતોશ ત્રિપાઠીએ આ કાર્યક્રમના ટીઆરપી મામા તરીકે ઓળખાતા અને તમામ નિર્ણાયકો, સ્પર્ધકો અને દર્શકો દ્વારા પસંદ કરવામાં આવે છે તે તેમની સમજશક્તિ અને રમૂજ લાવવા માટે તૈયાર છે..

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર ૩૦ મી સપ્ટેમ્બરના પ્રારંભથી સુપર ડાન્સ પ્રકરણ ૨ જુઓ!

## અમેરિકાની સરકાર ઈબી- ૫ કાર્યક્રમનો ભારતમાં પ્રારંભ

અમદાવાદ

સંપન્ન ભારતીયો માટે હવે અમેરિકાની ગ્રીનકાર્ડ મેળવવાનું સરળ બની ગયું છે. અમેરિકાની સરકારે ઈબી-૫ કાર્યક્રમનો ભારતમાં પ્રારંભ કરી દીધો છે. અમેરિકામાં રોકાણ કરીને એક વર્ષમાં ગ્રીન કાર્ય મેળવી શકો છો.

એચ-૧ બી વિઝામાં પ્રસ્તાવિત પ્રતિબંધનો કારણે હવે ગોલ્ડન વિઝાના સ્વરૂપમાં હવે લોકપ્રિય એવા ઈબી-૫ કાર્યક્રમ અંતર્ગત અરજદારોની સંખ્યામાં ઝડપી વધારો થઈ રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત હવે અમેરિકન ગ્રીન કાળ મેળવવાનો માર્ગ મોકળો બન્યો છે. આ કાર્યક્રમમાં અરજી કરનારા ભારતીયોની સંખ્યા બમણી થઈ ગઈ છે. આ કાર્યક્રમ અંતર્ગત રોકાણકારોને અમેરિકા સ્થળાંતર કરવા માટે પાંચ લાખ ડોલરનું રોકાણ કરવું જરૂરી હોય છે. જે જમીન સંપદા, માળખાગત સુવિધાઓ તેમજ અન્ય ક્ષેત્રોમાં રોકાણ કરી શકાય છે. જેથી રોજગારીની તકો વધુ પ્રાપ્ત થઈ શકે. આ યોજના દ્વારા લોન પણ મેળવીને તેમાં રોકાણ કરી શકાય છે. આ માટે ડેવલપરને ચાર વર્ષની સમય મર્યાદા આપવામાં આવે છે. આ ઉપરાંત એક વર્ષના બે સમયગાળા લંબાવવામાં પણ આવી શકે છે. યુએસઆઈએપ કે સીઈઓ અને અધ્યક્ષ નિકોલસ મૈસોટ્રાઈનાનોએ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતુ કે, યુએસ ઈમિગ્રેશન ફંડને જબરજસ્ત પ્રતિસાદ સાંપડ્યો છે. જેમાં વિશ્વ વિખ્યાત ડેવલપર્સ, આંતરરાષ્ટ્રીય પ્રવાસી પ્રતિનિધિઓ અને એટોર્ની સાથે અતૂટ ભાગીદારી પારસ્પરિક સંબંધો અને વિશ્વાસને કારણે શક્ય બની રહી છે.

## ગૂગલ ટ્રાન્સલેટ દ્વારા સાત ભારતીય ભાષાઓમાં વધુ સહયોગ અને વિશિષ્ટતાઓનો ઉમેરો કર્યો




ભાષાકીય અડચણો દૂર કરવાના પ્રયાસ તરીકે ગૂગલે આજે તેની ટ્રાન્સલેટ એપમાં કેટલાક અપડેટ્સ જાહેર કર્યા હતા. આજથી શરૂ કરીને, વપરાશકર્તાઓ બંગાળી, ગુજરાતી, કન્નડ, મરાઠી, તામિળ, તેલુગુ અને ઉર્દૂમાં હવે ઓફલાઈન ટ્રાન્સલેશન્સ મેળવી શકશે અને તાત્કાલિક વિઝ્યુઅલ ટ્રાન્સલેશન તેમની ઈચ્છિત ભાષામાં મેળવી શકશે. ગૂગલ ટ્રાન્સલેટ દ્વારા બંગાળી અને તામિળ સહિતની પ્રાદેશિક ભાષામાં કન્વર્સેશન મોડ માટે વધુ સહયોગનો ઉમેરો કરાયો છે. કન્વર્સેશન મોડ એ એવું ફિચર છે જે યુઝર્સને દ્વિભાષી કન્વર્સેશન કોઈની સાથે કરવા દેવાની સવલત આપે છે, જેમાં સરળતાથી માત્ર ગૂગલ ટ્રાન્સલેટ એપ દ્વારા વાત કરવાની રહે છે. તેને એક્ટિવેટ કરવા માટે, બોલવા માટે માઈક પર ટેપ કરવાનું રહેશે જે પસંદગીની ભાષામાં કરી શકાશે, ત્યાર પછી માઈકને ફરીથી ટેપ કરો અને ગૂગલ ટ્રાન્સલેટ એપ આપોઆપ કઈ બે ભાષાઓ બોલાય છે તે ઓળખી લેશે અને તમને અવિરત વાતચીત કરવાની તક આપશે.ગૂગલ ટ્રાન્સલેટ સાથે, યુઝર્સ સરળતાથી તેમના ફોનને શક્તિશાળી ટ્રાન્સલેશન ટૂલમાં તબદિલ કરી શકશે. જે પછી અભ્યાસ, બિઝનેસ, મુસાફરી કે પછી કામ સંબંધિત હોય,. ઓફલાઈન સપોર્ટથી ભારતીય ભાષાના યુઝર્સ શબ્દ કે વાક્યનો અનુવાદ ત્યારે પણ કરી શકશે જ્યારે તેઓ ઈન્ટરનેટ સાથે કનેક્ટેડ ન હોય. ઓફલાઈન ટ્રાન્સલેશન્સ ક્ષમતાના ઉપયોગ માટે, તમારે ટ્રાન્સલેટ એપના ખાસ લેંગ્વેજ પેકને ડાઉનલોડ કરવાનું રહેશે અને પછી ડાઉનલોડ બટનને ટેપ કરવાનું રહેશે. બે ભાષામાં અનુવાદ ઓફલાઈન કરવા માટે, તમારે બંને ભાષાના લેંગ્વેજ પેક ડાઉનલોડ કરવાના રહેશે. આમ સ્થાનિક ભારતીય ભાષાના સ્પીકર્સ માટે સરળતા લાવવા માટે કે ઈંગ્લિશ સ્ટ્રીટ સાઈન પણ શહેરમાં હોય તો તેને પણ ટ્રાન્સલેટ કરી વાંચી શકે છે કે પછી રેસ્ટોરાંનું મેન્યુ પણ ઓર્ડર આપવા માટે આ રીતે વાંચી શકે છે. વર્ડ લેન્સ કે જે મશીન લર્નિંગથી સજ્જ છે તે કમ્પ્યુટર વિઝનનો ઉપયોગ કરે છે જે અક્ષરો અને ચિત્ર વચ્ચેનો ભેદ પારખે છે.આ શરૂ કરવા માટે ટ્રાન્સલેટ એપ શરૂ કરો, તમારો કેમારા ઈંગ્લિશ સાઈન પર કે જેનું તમે અનુવાદ ઈચ્છો છો તે લખાણ પર રાખો અને તમારા સ્ક્રીન પર ઓવરલેઈડ કરો. જે તમે ઈન્ટરનેટ કે ડેટા કનેક્શન નહીં હોય તો પણ કરી શકો છો.

## તાન્યા જૈનના લિખિત ઓરિગેમી બડ્ર્સનું વિમોચન કરાયું



અમદાવાદ,

ઉભરતી લેખિકા તાન્યા જૈન દ્વારા લિખિત પુસ્તક ઓરિગેમી બડ્ર્સનું આજે વિમોચન કરવામાં આવ્યું હતું. આજની અત્યંત વ્યસ્ત જીવનશૈલીમાં વ્યક્તિને પોતાના વિશે વિચારવાનો સમય નથી. તે પોતાની લાગણી અને પ્રેમને વ્યક્ત કરતા અચકાય છે અથવા આ તરફ ક્યારેય ધ્યાન જ આપી શકતો નથી. આ સંજોગોમાં પોતાની આત્માને ઓળખવા અને લાગણીઓ વ્યક્ત કરવા માટે પ્રોત્સાહિત કરતા પુસ્તક ઓરિગેમી બડ્ર્સ સાથે દરેક વ્યક્તિ પોતાની જાતને સાંકળી શકશે તેવો વિશ્વાસ છે.આ બુક લોન્ચ પ્રસંગે મોટી સંખ્યામાં પુસ્તક પ્રેમીઓ તથા તાન્યાના મિત્રો અને પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ દરમિયાન તાન્યાએ પુસ્તકના વિવિધ ચેપ્ટર વાંચીને સંભળાવ્યાં હતાં અને વિવિધ પાસાઓ ઉપર પ્રકાશ ફેંકીને વિસ્તૃત ચર્ચા પણ કરી હતી.ઉલ્લેખનીય છે કે તાન્યા જૈને તાજેતરમાં ન્યુ યોર્ક સ્કૂલ ઓફ ડિઝાઈનમાંથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. તાન્યા ડિઝાઈન અને લખાણ દ્વારા પોતાના વિચારો અને કામને લોકો સમક્ષ રજૂ કર્યું છે. પોતાના જીવન અને આસપાસના લોકો પાસેથી પ્રેરણા મેળવીને તાન્યાએ ગુસ્સા, દુઃખ અને યાતના જેવા અત્યંત ગંભીર અને સંવેદનશીલ મુદ્દાઓ ઉપરની થીમ ઉપર કલેક્શન રજૂ કર્યા છે. તેમનું માનવું છે કે આપણી માનસિક તંદુરસ્તની સાથે-સાથે શારિરિક તંદુરસ્તી પણ ખુબજ મહત્વપૂર્ણ છે.આપણે જે અનુભવીએ છીએ તેને લેખન, ડિઝાઈન, પેઈન્ટિંગ જેવા અસરકારક માધ્યમથી વ્યક્ત કરવું ખુબજ આવશ્યક છે. તાન્યા લાગણીઓ અને સંવેદનાઓને વ્યક્ત કરવામાં માને છે, જ્યારે કે આમાંથી ઘણી બાબતોને સમાજ હંમેશા સિક્રેટ રાખવામાં માને છે. આ પુસ્તક દ્વારા તેમણે પોતાના વિચારો, લાગણી અને સંવેદનાઓ વ્યક્ત કરી છે, જે પ્રત્યેક વાચક અનુભવશે અને કોઈક તબક્કે પોતાના જીવનના અનુભવો પણ તેની સાથે જોડી શકશે તેવો વિશ્વાસ છે.

વ્યસ્ત જીવનશૈલીમાં દરેક વ્યક્તિ પાસે પોતાના વિશે વિચારવાનો સમય જ નથી. તેન જીવનમાં લાગણી, ભય અને પ્રેમ જેવી બાબતોને પ્રાથમિકતા જ નથી મળતી. આ આ સંજોગોમાં પોતાના માટે થોડો સમય કાઢીને હસવું, રડવું, બૂમ પાડવી જેવી દરેક બાબતને વ્યક્ત કરી શકે અને અનુભવી પણ શકે. આ પુસ્તક એવું માધ્યમ છે કે જ્યાં

ખેલફલક
જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

# ન્યુઝીલેન્ડ એ સામે કરૂણ નાયર કેપ્ટન રહેશે



**ભારતીય ટીમમાંથી પડતા મુકી દેવાયેલા શાર્દુલ ઠાકુરનો ઈન્ડિયા એ ટીમમાં સમાવેશ : ઋષભ વિકેટકીપર રહેશે**

**ન્યુઝીલેન્ડ એ સામે બે ટેસ્ટ મેચો પણ રમાશે**

બીસીસીઆઈની પસંદગી સમિતિએ ઓસ્ટ્રેલિયાની સામે રમાનારી વનડે શ્રેણીની શરૂઆતની ત્રણ મેચો માટે આજે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી હતી. પાંચ મેચોની શ્રેણીની પ્રથમ મેચ ૧૭મી સપ્ટેમ્બરના દિવસે રમાશે જ્યારે છેલ્લી વનડે મેચ પહેલી ઓક્ટોબરના દિવસે રમાશે ત્યારબાદ ત્રણ ટી-૨૦ મેચો રમાશે. બીસીસીઆઈ પસંદગી સમિતિએ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ત્રણ વનડે મેચો અને ટ્વેન્ટી શ્રેણી માટે ટીમની જાહેરાત કરી હોવા ઉપરાંત ન્યુઝીલેન્ડ



## એન્ડરસનને હરાવી નડાલે યુએસ ઓપન તાજ જીત્યો



ન્યુયોર્કમાં રમાયેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ જોરદાર રોમાંચ સાથે પૂર્ણ થઈ ગઈ છે. એકબાજુ પુરૂષોના વર્ગમાં સ્પેનના રાફેલ નડાલે સિગલ્સમાં તાજ જીતી લીધો છે. જ્યારે મહિલાઓના વર્ગમાં આ વખતે નવી વિજેતા ખેલાડી ઉભરીને સપાટી પર આવી છે. મિક્સ્ડ ડબલ્સ અને મહિલા ડબલ્સમાં સ્વીસ સ્ટાર માર્ટિના હિન્ગીસે પ્રભુત્વ જમાવ્યુ છે. રોમાંચ વગરની ફાઈનલ મેચમાં નડાલે કેવિન એન્ડરસન પર સીધા સેટોમાં ૬-૩, ૬-૩ અને ૬-૪થી જીત મેળવી હતી. આ મેચ એક તરફી રહી હતી. અનેક અપસેટ સર્જીને ફાઈનલમાં પહોંચેલા દક્ષિણ આફ્રિકાના ખેલાડી પાસેથી સારા દેખાવની અપેક્ષા હતી પરંતુ તે ફલોપ રહ્યો હતો. બીજી બાજુ સ્પેનિશ નંબર વન ખેલાડી નડાલે ધરખમ દેખાવ કર્યો હતો. તે ચોથી વખત યુએસ ઓપનની ફાઈનલમાં રમી રહ્યો હતો. ચાર ફાઈનલ મેચ પૈકી નડાલે ત્રણમાં ટ્રોફી જીતવામાં સફળતા મેળવી છે. જો કે તેની સામે પ્રથમ વખત નોવાક જોકોવિક ન હતો. દુનિયાના નંબર વન ખેલાડી નડાલે શાનદાર રમતથી મેદાનમાં ઉપસ્થિત રહેલા તમામ લોકોને રોમાંચિત કરી દીધા હતા. પોતાના હરિફ ખેલાડી દક્ષિણ આફ્રિકાના કેવિન એન્ડરસનને મેચમાં વાપસી કરવાની નડાલે ક્યારેય તક આપી ન હતી. મેચમાં નડાલે પોતાની સર્વોપરિતા સાબિત કરી હતી. સમગ્ર મેચમાં એન્ડરસનને કોઈ બ્રેક પોઈન્ટ મળ્યો ન હતો. પોતાની ૨૩મી મેજર ફાઈનલમાં નડાલે માત્ર ૧૧ અનફોર્સ્ડ એરર કરી હતી. નડાલ પાસે ગ્રાન્ડ સ્લેમનો અનુભવ પણ હતો. જો કે એન્ડરસન તરફથી કોઈ ટક્કર અપાઈ ન હતી. નડાલ મેચમાં છવાયેલો રહ્યો હતો.

# ઈંગ્લેન્ડ સામે પાંચ ક્રિકેટ ટેસ્ટ મેચોની શ્રેણીને લઈ ઉત્સુકતા



**ટીમ સ્પીરીટ**

ભારતીય ટીમ ઈંગ્લેન્ડમાં પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી રમનાર છે. આની જાહેરાત કરવામાં આવ્યા બાદથી ક્રિકેટ ચાહકોમાં ભારે રોમાંચ છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમને લઈને સંતોષની લાગણી વ્યક્ત કરી છે. જુલાઈ મહિનાથી આ પ્રવાસની શરૂઆત થશે. સૌથી પહેલા ટ્વેન્ટી મેચો ત્યારબાદ વનડે મેચો અને ત્યારબાદ પાંચ ટેસ્ટ મેચો રમાશે. આ શ્રેણીમાં કુલ ૩ ટ્વેન્ટી મેચ, ૩ વનડે મેચો અને પાંચ ટેસ્ટ મેચો રમાશે. ખુબ લાંબી શ્રેણી રમાશે.

પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા અને સ્કોટલેન્ડ સાથે મેચો પણ આ ગાળા દરમિયાન ઈંગ્લેન્ડની ટીમ રમનાર છે. આંતરરાષ્ટ્રીય મેચો અને ખાસ કરીને ટેસ્ટ મેચો પાંચ રમાનાર છે જેથી ટેસ્ટ ક્રિકેટના રશિયાઓને મજા પડી જશે. ૧૯૫૯ બાદ ભારતીય ટીમ ઈંગ્લેન્ડમાં બીજી વખત પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી રમનાર છે. ભારતે છેલ્લે ૨૦૧૪માં પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી ઈંગ્લેન્ડમાં રમી હતી.

**૨૦૧૮ ઈંગ્લેન્ડ કાર્યક્રમ**

૨૦૧૮માં ભારતીય ટીમ ઈંગ્લેન્ડમાં પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી રમશે. આ ઉપરાંત વનડે અને ટ્વેન્ટી રમશે. વિસ્તૃત કાર્યક્રમ નીચે મુજબ છે.

ત્રીજી જુલાઈ : પ્રથમ ટ્વેન્ટી (ઓલ્ડ ટ્રેફર્ડ)

છઠ્ઠી જુલાઈ : બીજી ટ્વેન્ટી (સોફિયા)

૮મી જુલાઈ : ત્રીજી ટ્વેન્ટી (કન્ટ્રીગ્રાઉન્ડ)

૧૨મી જુલાઈ : પ્રથમ વનડે (ટેન્ટબ્રિજ)

૧૪મી જુલાઈ : બીજી વનડે (લોડ્ઝ)

૧૭મી જુલાઈ : ત્રીજી વનડે (હેડિંગ્લે)

૧-૫મી ઓગસ્ટ : પ્રથમ ટેસ્ટ (એજબેસ્ટન)

૯-૧૩મી ઓગસ્ટ : બીજી ટેસ્ટ (લોડ્ઝ)

૧૮-૨૨મી ઓગસ્ટ : ત્રીજી ટેસ્ટ (ટેન્ટબ્રિજ)

૩૦-૩જી સપ્ટેમ્બર : ચોથી ટેસ્ટ (રોસબોવલ)

૭-૧૧ સપ્ટેમ્બર : પાંચમી ટેસ્ટ (ઓવલ)

**વર્ષ ૧૯૫૯ બાદથી ઈંગ્લેન્ડમાં બીજી વખત જ ભારતીય ટીમ પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી રમશે : તૈયારીઓ શરૂ થઈલાંબી શ્રેણીને લઈને ટીમની તૈયારી શરૂ થઈ**

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. હાલમાં જ કઈ ટીમે ફુટબોલમાં સ્પેનીશ સુપર કપ જીતી લીધો હતો ? કઈ ટીમને હરાવીને ?

૨. હાલમાં જ સીનસીનાટી માસ્ટર્સ ટેનીસ ટુર્નામેન્ટમાં કયા ખેલાડીએ સ્પેનના રાફેલ નડાલને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો ?

૩.હાલમાં જ પુર્ણ થયેલ વિશ્વકુસ્તી ચેમ્પિયનશીપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૪. અત્યાર સુધીમાં વર્લ્ડ બેડમીંટન ચેમ્પિયનશીપમાં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?

૫.વર્લ્ડ બેડમીંટન ચેમ્પિયનશીપમાં ભારત માટે પ્રથમ ચંદ્રક જીતનાર ભારતીય ખેલાડી કોણ ?

૬. અત્યાર સુધીમાં વર્લ્ડ બેડમીંટન ચેમ્પિયનશીપમાં 'વિમેન્સ ડબલ્સ' માં બ્રોન્ઝ મેડલ જીતનાર ભારતીય જોડી કઈ છે ?

૭.હાલમાં જ ભારતના ભૂતપુર્વ અને લેજન્ડરી કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ પોતાની ૩૦૦ મી વન-ડે મેચ કયા દેશ સામે રમી હતી ?

૮. હાલમાં વન-ડે ક્રિકેટમાં સચીન તેંડુલકર પછી સૌથી વધુ સદી કરનાર ભારતીય ખેલાડી કોણ છે ?

૯. હાલમાં જ કયા હોકી ખેલાડીને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો ?

૧૦. હાલમાં જ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ પ્રાપ્ત કરનાર પેરા એથ્લીટ દેવેન્દ્ર ઝાઝરીયાની મુખ્ય ઈવેન્ટ કઈ છે ?

૧૧. હાલમાં જ યુએસ ઓપનના પહેલા જ રાઉન્ડમાં બીજો સીડ ધરાવતી રોમાનીયાની સીમોના હોલપેને હરાવીને કઈ મહિલા ખેલાડીએ મોટો અપસેટ સર્જ્યો હતો ?

૧૨. હાલમાં જ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશીપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૧૩. હાલમાં જ યુએસ ઓપનમાં પહેલાં જ રાઉન્ડમાં જર્મનીની ડિફેન્ડીંગ ચેમ્પિયન એંજેલીક કેર્બરને ૬-૩, ૬-૧ થી હરાવીને કઈ મહિલા ખેલાડીએ મોટો અપસેટ સર્જ્યો હતો ?

જવાબ :

૧. હાલમાં જ રીયલ મેડ્રીડ ટીમે બાર્સેલોનાની ટીમને ૨-૦ ગોલથી હરાવીને ફુટબોલમાં સ્પેનીશ સુપર કપ જીતી લીધો હતો.

૨. હાલમાં જ સીનસીનાટી માસ્ટર્સ ટેનીસ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયાના કીગીઓસે નામના ખેલાડીએ સ્પેનના રાફેલ નડાલને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો.

૩.હાલમાં જ પુર્ણ થયેલ વિશ્વકુસ્તી ચેમ્પિયનશીપનું આયોજન ફ્રાન્સમાં પેરીસ મુકામે કરવામાં આવ્યું હતું.

૪. અત્યાર સુધીમાં વર્લ્ડ બેડમીંટન ચેમ્પિયનશીપમાં ભારતે કુલ સાત મેડલ જીત્યા છે.

૫.વર્લ્ડ બેડમીંટન ચેમ્પિયનશીપમાં ભારત માટે પ્રથમ ચંદ્રક જીતનાર ભારતીય ખેલાડી પ્રકાશ પાદુકોણ ૧૯૮૩ માં બ્રોન્ઝમેડલ જીત્યો હતો.

૬. અત્યાર સુધીમાં વર્લ્ડ બેડમીંટન ચેમ્પિયનશીપમાં 'વિમેન્સ ડબલ્સ' માં બ્રોન્ઝ મેડલ જીતનાર ભારતીય જોડી જવાલા ગટ્ટા અને અશ્વિની પોનપ્પા છે.

૭.હાલમાં જ ભારતના ભૂતપુર્વ અને લેજન્ડરી કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ પોતાની ૩૦૦ મી વન-ડે મેચ શ્રીલંકા દેશ સામે રમી હતી.

૮. હાલમાં વન-ડે ક્રિકેટમાં સચીન તેંડુલકર પછી સૌથી વધુ સદી કરનાર ભારતીય ખેલાડી વિરાટ કોહલી છે.

૯. હાલમાં જ સરદારસીંઘને હોકી ખેલાડીને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

૧૦. હાલમાં જ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ પ્રાપ્ત કરનાર પેરા એથ્લીટ દેવેન્દ્ર ઝાઝરીયાની મુખ્ય ઈવેન્ટ બરછીફેંક છે.

૧૧. હાલમાં જ યુએસ ઓપનના પહેલા જ રાઉન્ડમાં બીજો સીડ ધરાવતી રોમાનીયાની સીમોના હોલપેને હરાવીને ડોપીંગ પ્રતિબંધ બાદ પોતાની આગવી લયની તલાશ કરી રહેલી રાશીયાની મારીયા શારાપોવા નામની મહિલા ખેલાડીએ મોટો અપસેટ સર્જ્યો હતો.

૧૨. હાલમાં જ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશીપનું આયોજન જર્મનીમાં હેમ્બર્ગ મુકામે કરવામાં આવ્યું હતું.

૧૩. હાલમાં જ યુએસ ઓપનમાં પહેલાં જ રાઉન્ડમાં જર્મનીની ડિફેન્ડીંગ ચેમ્પિયન એંજેલીક કેર્બરને ૬-૩, ૬-૧ થી હરાવીને જાપાનની ૧૯ વર્ષીય મહિલા ખેલાડી નોઓમા ઓસક્કાએ મોટો અપસેટ સર્જ્યો હતો.

-ડૉ.પી.ડી.શર્મા (અમદાવાદ)

# ૪૫૦ કે તેથી વધુ વિકેટો ઝડપનાર બોલરો



**ખેલના મેદાનમાંથી** — કમલેશ કંસારા

મુથૈયા મુરલીધરનને ૧૯૯૨ થી ૨૦૧૦ ના સમય ગાળામાં શ્રીલંકા તરફથી જે ૧૩૩ ટેસ્ટમેચો રમી હતી જેની ૨૩૦ ઈનીંગ્સમાં ૪૪૦૩૯ બોલ પર ૧૮૧૮૦ રન આપીને ૨૨.૭૨ ની એવરેજથી ૮૦૦ વિકેટો ઝડપી છે. એક વિશ્વ રેકોર્ડ છે. જેમાં ૬૭ વાર (રેકોર્ડ) એકદાવમાં પાંચ કે તેથી વધુ વિકેટો અને ૨૨ વાર (રેકોર્ડ) એક મેચમાં દસ કે તેથી વધુ વિકેટો મેળવી હતી. મુરલીધરન ટેસ્ટમેચોમાં સર્વાધિક વિકેટો લેનાર એક માત્ર બોલર જ છે.

વેસ્ટ ઈન્ડીઝનો ઝડપી બોલર કર્ટની વોલ્શ ટેસ્ટ ક્રિકેટમાં ૪૫૦ વિકેટ લેનાર સૌ પ્રથમ બોલર બન્યો હતો. વોલ્સે ઈંગ્લેન્ડ વિરુદ્ધ બર્મીંગહામમાં ૧૫ મી જુન ૨૦૦૦ ના રોજ પોતાની ૧૧૮ મી ટેસ્ટમાં આ સિધ્ધિ મેળવી હતી. એમનો ૪૫૦ મો શિકાર ઈંગ્લેન્ડનો સલામી બેટસમેન માઈક આર્થરટોન બનેલ. વોલ્સ સૌથી વધુ ટેસ્ટોમાં ૪૫૦ વિકેટ મેળવનાર બોલર છે.

કર્ટની વોલ્શે ૧૯૮૪ અને ૨૦૦૧ ની વચ્ચે જે ૧૩૨ ટેસ્ટો શમી છે એની ૨૪૨ ઈનીંગ્સમાં ૩૦૦૧૯ બોલ પર ૧૨૬૮૮ રન આપીને ૨૪.૪૪ ની એવરેજથી ૫૧૯ ખેલાડીઓને આઉટ કર્યા છે. જેમાં ૨૨ વાર એક દાવમાં પાંચ કે તેથી વધુ વિકેટો તથા ત્રણ વાર એક ટેસ્ટમેચમાં ૧૦ કે તેથી વધુ વિકેટો ઝડપી છે.

ઓસ્ટ્રેલિયાના શેનવોર્ને ટેસ્ટ ક્રિકેટમાં ૪૫૦ વિકેટ મેળવનાર બીજો બોલર બન્યો હતો. આ લેગ સ્પીનરે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ડરબનમાં ૧૮ માર્ચ ૨૦૦૨ ના રોજ એશ્વેલ પ્રિન્સને માર્ક વોના હાથે કેચઆઉટ કરાવીને પોતાની ૪૫૦ મી વિકેટ ૧૦૧ મી ટેસ્ટમાં લીધી હતી.

શેનવોર્ને ઓસ્ટ્રેલિયા તરફથી ૧૯૯૨ થી ૨૦૦૭ ની વચ્ચે ૧૪૫ ટેસ્ટ રમી હતી એમાં ૨૭૩ ઈનીંગ્સમાં ૪૦૭૦૫ બોલ પર ૧૭૯૯૫ રન આપીને ૨૫.૪૧ ની સરેરાશથી ૭૦૮ વિકેટો ઝડપી હતી. વોર્ને ૩૭ વાર એક દાવમાં પાંચ કે તેથી વધુ વિકેટો અને ૧૦ વાર એક મેચમાં ૧૦ કે તેથી વધુ વિકેટો ઝડપી હતી.

શ્રીલંકાના ઓફ સ્પીનર મુથૈયા મુરલીધરન ૪૫૦ વિકેટો મેળવનાર વિશ્વનો ત્રીજો બોલર બન્યો હતો. ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ કેન્ડીમાં ૭ મે ૨૦૦૩ ના રોજ રમાયેલ મેચમાં ડૈરીલ ટફીને સનથ જયસૂર્યાના હાથોમાં કેચઆઉટ કરીને સિદ્ધિ મેળવી હતી. મુરલીધરનની આ ૮૦ મી ટેસ્ટ હતીઅને તે વિશ્વનો સૌથી ઓછી ટેસ્ટમાં ૪૫૦ વિકેટ મેળવનાર બોલર બન્યો હતો.

ઓસ્ટ્રેલિયાના તેજ ગેંદબાજ ગ્લેન મેકગ્રાથે ભારત વિરૂદ્ધ નાગપુર ખાતેની મેચ ૨૯ ઓકટો.૨૦૦૪ ના રોજ પોતાની ૧૦૦ મી ટેસ્ટમાં ૪૫૦મી વિકેટ મેળવી હતી. એમનો ૪૫૦ મો શિકાર સચિન તેંડુલકર બનેલ.

ગ્લેન મૈકગ્રાથે ૧૯૯૩ થી ૨૦૦૭ દરમ્યાન જે ૧૨૪ ટેસ્ટમેચો રમેલ એની ૨૪૩ ઈનીંગ્સમાં ૨૯૨૪૮ બોલ પર ૧૨૧૮૬ રન આપીને ૨૧.૬૪ ની સરેરાશથી ૫૬૩ ખેલાડીઓને આઉટ કરેલ છે. જેમાં ૨૯ વાર એક દાવમાં પાંચ કે તેથી વધુ વિકેટો અને ૩ વાર એક મેચમાં ૧૦ કે તેથી વધુ વિકેટો મેળવી છે.

એન્ડરસન પહેલાં ૪૫૦ વિકેટ પુરી કરતાં ભારતનો અનિલ કુંબલે હતો. જેમણે મોહાલી ખાતે પાકીસ્તાન વિરૂદ્ધ ૧૨ માર્ચ ૧૯૧૫ ના રોજ મોહમ્મદ સામીને પોતાના હાથો વડે કેચ ઝડપીને આ સિદ્ધિ મેળવી હતી. કુંબલેની આ ૯૩ મી ટેસ્ટ હતી.

અનિલ કુંબલેએ ૧૯૯૦ થી ૨૦૦૮ દરમ્યાન જે ૧૩૨ ટેસ્ટમેચો રમી હતી. એની ૨૩૬ ઈનીંગ્સમાં ૪૦૮૫૦ બોલમાં ૧૮૩૫૫ રન આપીને ૨૯.૬૫ ની એવરેજથી ૬૧૯ ખેલાડીઓને આઉટ કર્યા છે. જેમાં ૩૫ વાર એક દાવમાં પાંચ કે તેથી વધુ વિકેટો અને ૮ વાર એક મેચમાં ૧૦કે તેથી વધુ વિકેટો ઝડપી છે.

ઈંગ્લેન્ડના જેમ્સ એન્ડરસને અત્યાર સુધી ૧૧૬ ટેસ્ટ મેચો રમી છે. જેની ૨૧૮ ઈનીંગ્સમાં ૨૫૭૬૫ બોલમાં ૧૨૮૬૫ રન આપીને ૨૮.૩૩ ની એવરેજ થી ૪૫૪ ખેલાડીઓને આઉટ કર્યા છે. જેમાં ૨૧ વાર એક દાવમાં પાંચ કે તેથી વધુ વિકેટો અને ૩ વાર મેચમાં દસ કે તેથી વધુ વિકેટો ઝડપી છે.

ઈંગ્લેન્ડના જેમ્સ એન્ડરસનને ૬૫ ટેસ્ટમેચો જે ઘરઆંગણે રમાયેલ તેમાં ૨૫.૫૯ ની એવરેજથી ૨૮૪ વિકેટો અને વિદેશોમાં ૫૦ ટેસ્ટ મેચોમાં ૩૨.૯૮ ની એવરેજથી ૧૬૭ વિકેટો ઝડપી છે. **કમલેશ કંસારા**

# ૪૬ આંતરરાષ્ટ્રીય મેચ રમવા છતાં જસપ્રીતના ખાતામાં ફકત એક રન

**ટર્નીંગ પોઈન્ટ**

ગુજરાતના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ શોર્ટર ફોર્મેન્ટમાં ટીમ ઈન્ડિયાનો મુખ્ય ખેલાડી બનતા જઈ રહ્યો છે તાજેતરમાં શ્રીલંકાની વિરૂધ્ધ પાંચ વનડે મેચોમાં બુમરાહે ૧૫ વિકેટ હાંસલ કરી છે અને આ પ્રદર્શન માટે તેને મેન ઓફ ધ સીરીજ જાહેર કરવામાં આવ્યો હતો. પોતાના અજીબોગરીબ એકશનને કારણે અલગ ઓળખ ધરાવનાર બુમરાહ શાનદાર બોલીગ માટે જાણીતો છે તેની યોર્કરને રમવી કોઈ પણ વિરોધી ટીમના ખેલાડી માટે સરળ રહેતી નથી. ગત વર્ષ સપ્ટેમ્બરમાં ટીમ ઈન્ડિયા માટે ડેબ્યુ કરનાર જસપ્રીત અત્યાર સુધી ૬૪ આંતરરાષ્ટ્રીય મેચ(૨૧ વનડે અને ૨૫ ટી ટવેન્ટી) રમી ચુકયો છે પરંતુ તેના તરફથી બનાવવામાં આવેલ રનોની સંખ્યા તેની વિકેટોનની સંખ્યાની સરખામણીમાં લગભગ નહીં બરાબર છે.

બુમરાહે જયાં વનડેમાં ૪૧ અને ટી ટવેન્ટીમાં ૩૪ વિકેટ હાંસલ કરી છે ત્યાં તેના તરફથી આંતરરાષ્ટ્રીય મેચોમાં બનાવવામાં આવેલ રનોની સંખ્યા માત્ર એક છે. હા જી ફકત એક રન.તેની પાછળના બે કારણ છે પહેલુ તો એ છે કે બેટીંગમાં તેનો હાથ નબળો છે બીજુ કારણ ટીમ ઈન્ડિયાની મજબુત બેટીગને કારણે તેને બેટીંગ કરવાની વધુ તક મળતી નથી. વનડેમાં તેણે માત્ર ત્રણ ઈનિગ્સ રમી છે. જેમાં એકવાર તે અણનમ રહ્યો છે તેણે એક રન બનાવ્યો છે જયારે ટી ટવેન્ટીની ૪ મેચોમાંથી તે ત્રણ વાર અણનમ રહ્યો છે અને તેણે કોઈ રન બનાવ્યો નથી. બેટીંગનું આ પ્રદર્શન હકીકતમાં આશ્ચર્ય કરનારૂ છે.

બુમરાહે શ્રીલંકાના પ્રવાસે દ્વિપક્ષીય સીરીજમાં સૌથી વધુ વિકેટ લઈ ઈંગ્લેન્ડના ક્રિસ વોકસની ૧૪ વિકેટના રેકોર્ડને પાછળ પાડી દીધો હતો. તેણે ભારત શ્રીલંકાની દ્વિપક્ષીય વનડે શ્રેણીમાં સૌથી વધુ વિકેટ લેવાના શ્રીલંકાના મેંડિસના રેકોર્ડને પાછળ પાડી દીધો હતો.

# ઓસ્ટ્રેલિયા સામે ત્રણ વનડે માટે ભારતીય ટીમની જાહેરાત

એમએસકે પ્રસાદના નેતૃત્વવાળી પસંદગી સમિતિએ આજે ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ પહેલી વનડે મેચો માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે.શ્રીલંકાની વિરૂધ્ધ ટેસ્ટ સીરીજ બાદ આરામ આપવામાં આવેલ મોહમ્મદ શમી અને ઉમેશ યાદવની ટીમ ઈન્ડિયામાં એકવાર ફરીથી વાપસી થઈ ગઈ છે. જયારે શ્રીલંકાના પ્રવાસ પર ડેબ્યુ કરનાર શાર્દુલ ઠાકુરને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે. શ્રીલંકાના પ્રવાસ પર વનડે અને ટી ટવેન્ટી રમનાર ભારતીય ટીમમાં ઠાકુરને છોડી કોઈ મોટું પરિવર્તન કરવામાં આવ્યુ નથી ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ ત્રણ વનડે મેચોની વનડે સીરીજની સુકાની વિરાટ કોહલીના હાથમાં રહેશે જયારે ઓપનિંગની જવાબદાર શિખર ધવન અને રોહિત શર્માના મજબુત ખભા પર રહેશે.આ બંન્નેની સરખામણીમાં વર્તમાન સમમયાં કોઈ પણ અન્ય બેટસમેન ઓપનિંગમાં તેમનાથી સારા જોવા મળ્યા નહીં. શ્રીલંકાની વિરૂધ્ધ રોહિતે શાનદાર પ્રદર્શન કર્યુ હતું તેણે બે સદી મારી હતી.

જયારે મધ્યમક્રમમાં કોહલી અને પૂર્વ સુકાની ધોની બની રહેશે. શ્રીલંકાની વિરૂધ્ધ મધ્યક્રમમાં પોતાની દમદાર ખેલનું પ્રદર્શન કરનાર મનીષ પાંડેને ઓસ્ટ્રેલિયા ટીમની વિરૂધ્ધ ટીમમાં યથાવત રાખવામાં આવ્યો છે. તેણે શ્રીલંકાની વિરૂધ્ધ ત્રણ મચોમાં બે અડધી સદી મારી હતી આ ઉપરાંત કેદાર જાધવ પણ મધ્યમક્રમમાં બની રહેશે. જયારે ટીમના સૌથી સ્ટાઈલિશ અને વિસ્ફોટક બેટસમેન હાર્દિક પંડયા ઓલરાઉન્ડરની જવાબદારી નિભાવશે તેણે એક પ્રસંગો પર પોતાની બેટીંગનું પ્રદર્શન કર્યુ છે.

બેટીંગ બાદ બોલીગની જવાબદારી શમી, જસપ્રીત બુમરાહ ભુવનેશ્વર અને ઉમેશ યાદવ પર જ રહેશે. વર્તમાંન સમયમાં આ ચારેય બોલરો કોઈ પણ બેટીંગ ક્રમને તોડવાની ક્ષમતા ધરાવે છે. જયાં ભુવનેશ્વરકુમારે શ્રીલંકાની વિરૂધ્ધ અંતિમ વનડેમાં પાંચ વિકેટ લીધી હતી ત્યાં બુમરાહે પણ શ્રીલંકાની વિરૂધ્ધ બીજી અને ત્રીજી વનડેમાં સારી બોલીંગ કરી હતી. ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ સ્પિનર અક્ષર પટેલ અને યુજવેન્દ્ર ચહલ ટીમની સાથે બની રહેશે. શ્રીલંકામાં બંન્નેએ સારૂ પ્રદર્શન કરી ટીમમાં મળેલ તકનો સારો લાભ ઉઠાવ્યો હતો. ચહલે ચાર વનડે અને એક ટી ટવેન્ટીમાં કુલ નવ વિકેટ લીધી હતી જયારે પટેલે એક ટી ટવેન્ટી અને ચાર વનડેમાં છ વિકેટ લીધી હતી.

ટીમ પસંદગીમા ંકોઈ પણ આશ્ચર્યજનક નિર્ણય જોવા મળ્યો નહીં. ભારતીય ટીમની પસંદગી ૨૦૧૯માં યોજાનાર વિશ્વકપની તૈયારીઓની સમીક્ષાના હિસાબથી કરવામાં આવી છે. તેને જોઈને એ કહી શકાય છે કે આ ટીમની પસંદગી પ્રદર્સનની સાથે ફિટનેસને સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. અશ્વિન અને જાડેજાને શ્રીલંકા બાદ ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ પહેલી ત્રણ વનડેમાં આરામ આપવામાં આવ્યો છે.

ભારતીય ટીમ આ પ્રમાણે છે. વિરાટ કોહલી,સુકાની,રોહિત શર્મા,શિખર ધવન,એમ એસ ધોની,મનીષ પાંડે,કેદાર જાધવ કે એલ રાહુલ હાર્દિક પંડયા અક્ષર પટેલ યુજવેન્દ્ર ચહલ ભુવનેશ્વરકુમાર જસપ્રીત બુમરાહ ઉમેશ યાદવ મોહમ્મદ શમી અજિકયે રહાણે કુલદીપ યાદવ

# ચાન યંગ- હિન્ગીસની જોડી મહિલા ડબલ્સમાં ચેમ્પિયન



**બન્નેની જોડીએ વર્ષની સાતમી ટ્રોફી જીતી લીધી**

**મિકસ્ડ ડબલ્સનો તાજ જીત્યાના એક દિવસ બાદ માર્ટિના હિન્ગીસે મહિલા ડબલ્સનો તાજ જીતીને ઈતિહાસ સર્જ્યો**

ન્યુયોર્કમાં રમાયેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમા ંમાર્ટિના હિન્ગીસે જોરદાર ઈતિહાસ સર્જયો છે. હિન્ગીસે યુએસ ઓપનમાં મહિલા ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સનો તાજ જીતી જવામાં સફળતા મેળવી છે. વર્ષ ૨૦૧૭માં યુએસ ઓપન ખાતે મિક્સ્ડ ડબલ્સનો તાજ જીતી લીધાના એક દિવસ બાદ સ્વીસ સ્ટાર માર્ટિના હિન્ગીસે તેની ૧૩મી મહિલવા ડબલ્સની ગ્રાન્ડ સ્લેમ જીતી લીધી હતી. મોટી વિજેતાના સર્કલમાં હિન્ગીસે હવેએક નવી પાર્ટનરને મેદાનમાં ઉતારી દીધી છે. આર્થર એશ સ્ટેડિયમ ખાતે મોટી સંખ્યામાં ચાહકોની હાજરીમાં રમાયેલી ફાઈનલ મેચમાં હિન્ગીસ અને ચાનયંગ જાનની જોડીએ ચેક ગણરાજ્યની ટીમ લુસી રેડેકા અને કેટેરીના સિનિયાકોવા પર સીધા સેટોમાં ૬-૩, ૬-૨તી જીત મેળવી હતી.

અનુસંધાન પાન નં. ૬ ઉપર

**બ્રિટનમાં ...**

**પાના નં.૧ ચાલુ**

અને અનેક આવાસ હતા, જેની કિંમત હજારો કરોડ રૂપિયામાં છે. ગયા મહિનામાં બ્રિટન સરકારે દાઉદને આર્થિક પ્રતિબંધવાળી યાદીમાં મુકી દીધા બાદ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ સંબંધમાં ભારત પહેલાજ બ્રિટનને એક ડોઝિયર સોંપીને દાઉદના સંબંધમાં ઘણી માહિતી આપી દીધી છે. અત્રે નોંધનીય છે કે, ગયા મહિને બ્રિટન તરફથી જારી કરવામાં આવેલી અપડેટ સંપત્તિ જપ્ત યાદીમાં દાઉદના ૩ સ્થળો અને ૨૧ પેટા નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બ્રિટનના નાણા મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા ફાયનાન્સિયલ ટારગેટ નામની યાદીમાં દાઉદના પાકિસ્તાન સ્થિત ત્રણ સરનામાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બ્રિટનની યાદી મુજબ દાઉદ ઈબ્રાહિમના પાકિસ્તાનમાં ત્રણ સરનામાં હાઉસ નંબર ૩૭, ગલી નં.૩૦, ડિફેન્સ હાઉસિંગ ઓથોરિટી, કરાંચી, પાકિસ્તાન, નુરાબાદ, કરાંચી, પાકિસ્તાન અને વાઈટ હાઉસ, સાઉદી મસ્જિદની પાસે ક્લિફટન, કરાંચીનો સમાવેશ થાય છે. દુનિયાના સૌથી મોસ્ટ વોન્ટેડ ગેગસ્ટરમાં સામેલ દાઉદ ઈબ્રાહિમની કુલ સંપત્તિ ૬.૭ અબજ ડોલર છે. તેને દુનિયાના બીજા સૌથી અમીર ગેગસ્ટર તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટના માસ્ટર માઈડ દાઉદની બ્રિટનમાં ૪ હજાર કરોડની સંપત્તિ રહેલી છે. જાણકારી લોકોનું કહેવું છે બ્રિટન સરકારે દાઉદ સામે સકંજો મજબુત કર્યો છે. તેની સંપત્તિ જપ્ત કરવામાં આવી રહી છે. ૬.૭ અબજ ડોલરની આસપાસની સંપત્તિ તે બ્રિટનમાં ધરાવે છે. લાંબા સમયથી પાકિસ્તાનમાં છુપાયેલા દાઉદ વિશ્વમાં બીજો સૌથી અમીર ગેગસ્ટર તરીકે છે. પ્રથમ નંબરમાં કોલમ્બિયન ડ્રગ્સ લિડર પાબલો છે. ભારતીય સત્તાવાળાઓ પાસે જે માહિતી છે તે મુજબ દાઉદના અલકાયદા સાથે પણ મજબુત સંબંધ છે. ત્રાસવાદી સંગઠન સાથે પણ તેના મજબુત સંબંધો છે. દાઉદની સંપત્તિ વિશ્વના અનેક દેશોમાં ફેલાયેલી છે. પાંચ પેટાખંડમાં આવેલા ૧૬થી વધુ દેશોમાં દાઉદ તેના ગુનેગારીના સામ્રાજ્યને ધરાવે છે. આવી સ્થિતિમાં તેની સામે કરવામાં આવેલી કાર્યવાહી ખુબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૨૦૧૫માં ભારતીય તપાસ અધિકારીઓએ મિડલેન્ડની મુલાકાત લીધી હતી અને બ્રિટનમાં ડોન દાઉદના સંગાસંબંધીઓની સંપત્તિ અને અન્યોની માહિતી મેળવી હતી. ડોન દાઉદ બ્રિટનમાં વરવિકશાયરમાં એક હોટલ ધરાવે છે. જયારે બ્રિટનમાં મિડલેન્ડસ અન્ય નિવાસી સંપત્તિ ધરાવે છે. દાઉદ ડી કંપની નામથી શક્તિશાળી ક્રાઈમ સિન્ડીકેટની દુનિયા ચલાવે છે. દાઉદ ઈબ્રાહિમ પર સકંજો મજબુત કરવા માટે ભારત સરકારે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા પાયે પ્રયાસો હાથ ધર્યા છે. જેના ભાગરૂપે હવે તેના નેટવર્કને તોડી પાડવામાં સફળતા મળી રહી છે. ભારત સરકાર છેલ્લા કેટલાક સમયથી વિશ્વના જુદા જુદા દેશો સાથે મળીને કાર્યવાહી કરી રહી છે.

બ્રિટન પણ આમાં સામેલ છે. દાઉદના મામલે ભારત અને પાકિસ્તાન વચ્ચે હમેંશા આક્ષેપબાજીનો દોર રહ્યો છે. દાઉદને તમામ પ્રકારની સુરક્ષા પાકિસ્તાનમાં આપવામાં આવી હોવાના હેવાલ પણ વારંવાર આવતા રહે છે. હવે સાઉદી અરેબિયા અને અન્ય દેશો પણ તેની સામે તપાસ ઝડપી બની શકે છે. જો કે હવે દાઉદ પહેલા કરતા વધારે સક્રિય નથી. તેના લોકો હવે મોટા ભાગે તેના કારોબારને સંભાળે છે.

**મોદી - શિન્ઝો ...**

**પાના નં.૧ ચાલુ**

બન્ને દેશો વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવનાર છે. ક્યા ક્યા એમઓયુ થશે તેને લઈને પણ તમામ તૈયારી કરાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે હાઈસ્પીડ રેલવે પ્રોજેક્ટનુ ખાતમુહૂર્ત આવતીકાલે કરનાર છે. આની સાથે જ વૈશ્વિક ફલક પર ભારત અને જાપનો પરસ્પર સહકાર આ ક્ષેત્રે નવી દિશા ખોલી દેશે. ખાસ કરીને આ પ્રોજેક્ટ અનેક ઐતિહાસિક સોપાનોનુ સર્જન કરનાર છે. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમીટેડના કહેવા મુજબ આ પ્રોજેક્ટ દ્વારા દેશના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ પ્રોજેક્ટને આટલી સુવિધાપૂર્ણ અને આકર્ષક નાણાં સહાય મળી રહી છે. આ સમગ્ર પ્રોજેક્ટનો અંદાદિત ખર્ચ રૂપિયા એક લાખ કરોડથી વધુનો થાય છે. આ પ્રોજેક્ટના ૮૦ ટકા નાણાં સહાય જાપાન સરકાર આપી રહી છે. લાખો પ્રવાસીઓ વધુ ઝડપથી અમદાવાદ અને મુંબઈ વચ્ચે પ્રવાસ કરી શકે તે હેતુસર આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ તરીકે આને જોવામાં આવે છે. આ પ્રોજેક્ટને ૨૦૨૨ સુધી અમલી કરવાની યોજના મોદી ધરાવે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અદમ્ય ઈચ્છા છે કે આ બુલેટટ્રેન વર્ષ-૨૦૨૨મા જ જે સમયે ભારત આઝાદીના ૭૫ વર્ષ પુરા કરે એ સમયે દોડતી થઈ જાય. આ પ્રોજેકટની ડેટલાઈન વર્ષ-૨૦૨૩ રાખવામા આવી છે.આ પ્રોજેકટ પાછળ થનારા કુલ ખર્ચ પેટે જાપાન તરફથી રૂપિયા ૮૮,૦૦૦ કરોડની લોન ભારતને ૦.૧ ટકાના નહીવત વ્યાજ સાથે આપવામા આવનાર છે. જે ભારતે ૫૦ વર્ષમા પરત કરવાની રહેશે.

હાલમાં ખુબ જ વ્યસ્ત રહેતા મુંબઈથી અમદાવાદ કે અમદાવાદથી મુંબઈ ટ્રેન માર્ગે પહોંચવામા સાત કલાક જેટલો સમય લાગે છે એના બદલે આ બુલેટ ટ્રેન શરૂ થયા બાદ માત્ર ત્રણ કલાકના સમયગાળામા પહોંચી જવાશે.શરૂઆતના સ્ટેજમા આ બુલેટ ટ્રેનમાં ૧૦ કાર રાખવામા આવશે જેના દ્વારા એક સાથે ૭૫૦ લોકો અવર જવર કરી શકશે.પાછળથી તેની ક્ષમતામા વધારો કરીને ૧૨૦૦ લોકો બેસી શકે એ પ્રકારેનુ આયોજન કરવામા આવ્યુ છે.પ્રોજેકટને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુબ ઉત્સાહિત છે તેમની ઈચ્છા છે કે વર્ષ-૨૦૨૨માં ભારત તેની આઝાદીના ૭૫ વર્ષ પુરા કરવા જઈ રહ્યુ છે એજ વર્ષમાં ઓગસ્ટ માસમા આ બુલેટ ટ્રેન બંને શહેરો વચ્ચે દોડતી થઈ જાય. આ ટ્રેનની ઝડપ પ્રતિ કલાકના ૩૨૦ થી ૩૫૦ કિલોમીટરની હશે.આ બુલેટ ટ્રેન મુંબઈના બાંદ્રા-કુર્લા કોંપલેક્ષથી ઉપડી થાણે,વિરાર, વાપી, સુરત,ભરૂચ,વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી સ્ટેશન ખાતે પહોંચશે.સૂત્રોના કહેવા મુજબ,હાલ ભાડાના દર નકકી કરવામા આવ્યા નથી આમછતાં પણ રૂપિયા ૨૭૦૦થી ૩,૦૦૦ સુધીના દર રાખવામા આવી શકે છે.આ સાથે જ ટ્રેન અંગેના જરૂરી તમામ પાર્ટસ ભારતમા મેઈક ઈન ઈન્ડિયા પ્રોજેકટ હેઠળ તૈયાર કરવામા આવશે જેમા જાપાનના નિષ્ણાતો ટેકનીકલ મદદ કરશે. આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ભૂમિ પુજનની સાથે સાથે આવતીકાલે વડાપ્રધાન મોદી અને શિન્ઝોના કેટલાક અન્ય કાર્યક્રમો પણ છે. જેમાં ભૂમિ પુજન બાદ બન્ને નેતા ગાંધનીગર મહાત્માં મંદિર ખાતે પહોંચનાર છે. મહાત્મા મંદિર ખાતે દાંડી કુટિરની મુલાકાત લેનાર છે. જેમાં રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીના જીવન ચારિત્ર્યને લગતી ઓડિયો વિજ્યુઅલ આંખીનુ ભવ્ય પ્રદર્શન કરવામાં આવનાર છે. તેને રસપ્રદરીતે નિહાળીને ગાંધીજીના જીવન ચરિત્રને સમજવાના પ્રયાસ કરવામાં આવનાર છે. ત્યારબાદ જાપાનના ડેલિગેશન સાથે પ્રતિનિધીસ્તરની મંત્રણા થનાર છે. બિઝનેસ ઈવેન્ટ સહિતના જુદા જુદા બિઝનેસને લગતા કાર્યક્રમ યોજાશે. જેમાં મોટી સમજુતીઓ બન્ને દેશો વચ્ચે કરવામાં આવી શકે છે. આમાં બન્ને વડાપ્રધાન હાજર રહેશે. ત્યારબાદ સાંજે સાયન્સ સીટીની મુલાકાત લઈને એજ દિવસે મોદી નવી દિલ્હી જવા અને અબે ટોકિયો જવા રવાના થનાર છે.

નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્જો અબેની બે દિવસની ઐતિહાસિક અને હાઈપ્રોફાઈનલ અમદાવાદ અને ગાંધીનગર યાત્રા આજથી શરૂ થઈ હતી. બન્નેની આ ઐતિહાસિક યાત્રા દરમિયાન કેટલીક ઐતિહાસિક પહેલ થનાર છે. જેમાં મહત્વકાંક્ષી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભૂમિ પુજા વિધી, ભવ્ય રોડ શો અને બન્ને દેશો વચ્ચે અનેક કરારો, દ્વિપક્ષીય પ્રતિનિધિ સ્તરની મંત્રણાનો સમાવેશ થાય છે. ભારત અને જાપાન વચ્ચેના સંબંધો શિન્જો અબેની આ મુલાકાતથી નવી ઉંચાઈ ઉપર પહોંચશે. સાથે સાથે બંને દેશો વચ્ચે વિશ્વાસ નિર્માણની પ્રક્રિયા વધુ ઝડપથી આગળ વધશે

**નેનાવા ચેકપોસ્ટેથી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

હેઠળ છુપાવેલી વિદેશી દારૂની ૨૯૦ પેટી (કિંમત રૂા.૧૨,૮૪,૦૦૦) મળી આવી હતી.તેથી પોલીસે વિદેશી દારૂ અને ટ્રક મળી કુલ રૂા.૨૭,૯૩,૫૦૦ નો મુદ્દામાલ કબજે લઈ ફરાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**પાલનપુરમાં ગેંગવોરમાં...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જેઓ અત્યારે અમદાવાદની ખાનગી હોટલમાં સારવાર લઈ રહ્યા છે. જયારે આ બને જૂથો સામે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગુનાના કામમાં વપરાયેલા હથિયારોને કબજે કર્યા છે. જયારે કુલ ૧૨ આરોપીઓ પૈકી ૫ આરોપીઓની ધરપકડ કરી છે. જયારે જે ચાર લોકો સારવાર હેઠળ છે. તેને પણ આરોપીઓ તરીકે ગણી પોલીસના જાપ્તામાં સારવાર આપવામાં આવી રહી છે. જાહેરમાં જે પ્રકારે ફાયરીગ થયું તેને લઈ પોલીસ તાત્કાલિક આરોપીઓની ધરપકડ કરી છે. જેથી લોકોમાં ભયનો માહોલ ન ફેલાય તેવું બનાસકાંઠાના એસ.પી. નિરજ બડગુજરે જણાવ્યું હતું.

જેમાં ઈકબાલખાન કાલેખાન લોહાણી ઉ.૪૨ રહે.મહમંદી સોસાયટી, સુખબાગ રોડ, પાલનપુર મૂળ રહે. સેંભર વાસણા તા. વડગામ, અફઝલ ઉર્ફે લાલાભાઈ નજીરભાઈ ઘાસુરા રહે.માલણ તા.પાલનપુર, શેરખાન પરબતખાન લોહાણી રહે.જુનીનગરી તા. વડગામ., જમશેરખાન ઉર્ફે જમસુ મહમંદખાન બિહારી રહે. જૂની નગરી તા.વડગામ, અસલમ ઘાસુરાની અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત (૧) સ્વિફ્ટ ગાડી નં.જી.જે.૮.એ.જે. ૭૭૭૬., મોટર સાઈકલ., બે રિવોલ્વર., એક પોઈન્ટ ટુ ટુ ગન., ડબલ બોરની ગન મુદ્દામાલ કબ્જે કરેલ છે.

આ સમગ્ર ઘટનાની વાત કરીએ તો, પાલનપુરની રહીમી હોટલના કબ્જા બાબતે બે ગ્રુપો સામસામે આવ્યા. જેને લઈ જાહેરમાં ફાયરીગ કરવામાં આવ્યું. આ ગુનામાં જે બે રિવોલ્વર નો ઉપયોગ થયો તે રિવોલ્વર લાયસન્સ વાળી છે. પરંતુ ગુનામાં જે બે ગેંગ છે તે આજ પ્રકારે હવાલા અને કબ્જાના કામો સાથે સંકળાયેલી છે. જેથી પોલીસે તમામ આરોપીઓના ગુનાહિત ઈતિહાસ ચકાસવાની કામગીરી પણ ચાલુ કરી છે. આ ગેંગનો ખોફ વધુ ન પ્રસરે તે માટે તેમના ગુનાહિત ઈતિહાસની ચકાસણી કર્યા બાદ તેમની સામે પાસા અને તડીપારની કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પરંતુ જે પ્રકારે પાલનપુરમાં દિવસે ખુલ્લેઆમ ફાયરીગ કરવામાં આવ્યું તેને લઈ પોલીસ આવી અન્ય સક્રિય ગેંગ પર પણ કાયદાનો સકંજો કશે તેવી સમયની માંગ ઉભી થઈ છે.

**ખેડુતોએ નૈવેધ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તેમ છતાં મહિના ઉપરાંતના સમય બાદ વિજ કર્મચારીઓ ટ્રેક્ટરમાં નવી ડીપી લઈને નાખવા આવ્યા હતા પરંતુ તે પેટે કર્મચારીઓએ રૂા. ૨૦૦૦ ની માંગણી કરી હતી. જો કે ખેડુતોએ તેમની માંગણી સ્વીકારવાનો ઈન્કાર કરતા ઉશ્કેરાયેલા કર્મચારીઓ 'તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ અમારો વિરોધ કરશો તો હેરાન કરી નાખીશું' તેમ કહી ડીપી લઈને પરત જતા હતા. જેની જાણ થતા સરપંચ નાનજીભાઈ દોડી આવ્યા અને ડીપીના ફોટા પાડી ખેડુતોને પીવાના પાણીના ફાંફા છે તેથી ડીપી નાખવા વિનંતી કરી હતી. પરંતુ કર્મચારીઓ ટસના મસ થયા ન હતા. જેની જાણ થતા ખેડુતોમાં આક્રોશની લાગણી છવાઈ છે.

આ બાબતે ખુદ સરપંચે ઉચ્ચ સ્તરે રજુઆતો કરી તગડો પગાર મેળવતા કર્મચારીઓની શાન ઠેકાણે લાવી કર્મયોગી બનાવવાની માંગ કરી હતી.

**લવાણા ગામે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ બાબતે ટી.પી.રાજપૂત (મંત્રી જિલ્લા ભાજપ)એ જણાવ્યું હતું કે, લવાણા ગામે નર્મદા યાત્રા નો રથ આવી પોહચતા કેટલાક કોંગ્રેસ ના કાર્યકરો રથ ઉપર ચડી જઈ બેનરો ફાડવા લાગ્યા હતા અને હલ્લા બોલ કરવા લાગ્યા હતા જોકે જેઓ વિરોધ અને હલ્લા બોલ કરતા પોલીસ જેમની અટકાયાત કરી ને લઈ ગઈ હતી.

આ અંગે ૧૦ કોંગ્રેસી કાર્યકરો ઉપર પોલીસે ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં શ્રવણભાઈ દવે, ભલાભાઈ મંજીભાઈ વાઘેલા, કરસનભાઈ ડુંગરભાઈ રાજપૂત, કુલદીપ સંજયભાઈ ગૌસવામી, દેવાજી વેનાજી પટેલ, પાંચાભાઈ નાગજીભાઈ રબારી, કાનજીભાઈ હીરાભાઈ રાજપૂત, સુરેશભાઈ ભીખાભાઈ રબારી, મેરાજભાઈ ભીખાભાઈ રબારી, જયેશભાઈ હકમાજી કરમટા સામે ફરીયાદ નોંધાવા પામી છે.

**વાવ તાલુકાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યારબાદ નાળોદર ગામની સર્વે નં. ૨૫૬ પૈકીની ૩.૧૦ હેક્ટર જમીનમાં નવીન ગામતળ વસવાટ કરવા માટેના લે આઉટ પ્લાનનો નકશો તૈયાર કરી દેવાયો છે. આ બાબતે અમારા પ્રતિનિધિએ નાળોદર ગામની રૂબરૂ મુલાકાત લેતા ગામના રાણાભાઈ પૂંજાભાઈ દલિતે જણાવ્યું હતું કે નાળોદર ગામને પૂર પીડીત ગામમાં સમાવેશ કરી નવીન પ્લાનનો નકશાનો લેઆઉટ તૈયાર કરાયો છે. જેમાં ગામતળ માટે ૩.૧૦ હેક્ટર જમીનને ૨૫૬ પૈકીના સર્વે નં.માંથી ફાળવી દેવામાં આવી છે. પૂરપીડીતોને ૪૫૫૨૦ = ૯૯૦ ચો.મી. પ્લોટ ફાળવવાની નોંધ કરાઈ છે. પરંતુ મોટું પરિવાર ધરાવતા પરિવારોને ૯૦૦ ચો.મીની જગ્યાએ ૧૩૦૦ ચો.મી. પ્લોટ ફાળવાય તે જરૂરી છે. વિશેષમાં રાજ્ય સરકાર તરફથી ૩.૧૦ હેક્ટર જમીનમાં ગામતળની ફાળવણી કરવામાં આવી છે. જેમાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા અને જેમના ઘરોમાં પાણીનો વધુ પ્રવાહ રહેશે. તેમને પ્રથમ પસંદગી કરવી જરૂરી છે. સાચા પૂરપીડીતો આ નવીન સ્થળના સમાવેશથી વંચિત ન રહી જાય અને સાચા પૂરપીડીતોને પ્લોટની સહાય મળે તે જરૂરી છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૫૦૦-૪૦૭૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | **ખોળ બજાર** |
| રૂપુ કાચું ૪૦૫૦૦-૪૦૭૦૦ | નર્મદા મગ પોલીસ ૫૮૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોનુ તોલો ૩૦૧૦૦-૩૦૭૦૦ | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦ |
| **તેલ બજાર** | નર્મદા મગ મોગર ૬૦૦૦ | મગ ૫૭૦૦ | જીરાળુ ૧૭૪૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૬૦** | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન ૮૮૫-૯૬૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| સોયા રીફાઈન ૧૨૬૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૪૦૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૨૯૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૪૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૧૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫ લીટર ૪૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ ૮૬૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૪૦ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦ | **ખાંડ બજાર** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | (બોરીના ભાવ) | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦** | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | દાવત સુપર જુના ૧૧૦૦૦ | **ચા-બજાર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | **આખા મરચાં-હળદર** | સુકી ડુંગળી ૩૦૦-૪૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦ | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર આખી સેલમ ૯૦ | મરચાં ૪૦૦-૫૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | લીંબુ ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | અડવી પત્તા ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | આદુ ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચા તેજા ૧૮૦૦ | રીંગણ ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ટામેટા ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | ભીંડા ૪૦૦-૫૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | કોબી ૩૪૦-૪૨૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી ૯૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ટીંડસા ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર પટની ૧૦૫ | ગવાર ૫૦૦-૬૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | સુપર રજવાડી ૧૯૦ | બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | મરચાં ૫૮૦૦ | ચોળી ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | **ગોળ બજાર** | તુરીયા ૫૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | | | |

# શ્રેણીનો વિસ્તૃત કાર્યક્રમ

શ્રીલંકા સામે જોરદાર દેખાવ કર્યા બાદ હવે ઓસ્ટ્રેલિયા સામે ભારતીય ટીમ વનડે શ્રેણી અને ટ્વેન્ટી મેચો રમનાર છે. શ્રીલંકા સામે હાલમાં જ ભારતે ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ૩-૦થી, વનડે શ્રેણી ૫-૦થી અને એક માત્ર ટ્વેન્ટી મેચ જીતીને સંપૂર્ણપણે સપાટો બોલાવ્યો હતો. અને એક તરફી દેખાવ કર્યો હતો. ઓસ્ટ્રેલિયા સામે રમનારી મેચોમાં પણ આવો જ દેખાવ કરવા માટે વિરાટના નેતૃત્વમાં ભારતીય ટીમ ઉત્સુક છે. કરોડો ક્રિકેટ ચાહકો મેચને લઈને ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. કાર્યક્રમ નીચે મુજબ છે.

**વનડે શ્રેણી**

૧૭મી સપ્ટેમ્બરે ચેન્નાઈમાં પ્રથમ વનડે
૨૧મી સપ્ટેમ્બર કોલકાતામાં બીજી વનડે
૨૪મી સપ્ટેમ્બરે ઈન્દોરમાં ત્રીજી વનડે
૨૮મી સપ્ટેમ્બરે બેંગ્લોરમાં ચોથી વનડે
પહેલી ઓક્ટોબરે નાગપુરમાં પાંચમી વનડે

**ટી-૨૦ શ્રેણી**

૭મી ઓક્ટોબરે પ્રથમ ટી-૨૦ રાંચીમાં
૧૦મી ઓક્ટોબરે ગુવાહાટીમાં બીજી મેચ
૧૩મી ઓક્ટોબરે હૈદરાબાદમાં ત્રીજી મેચ

# વિરાટની સામે હવે ઓસ્ટ્રેલિયાનો પડકાર,ટીમ ઈન્ડિયા કંગારૂઓને વ્હાઈટવોશ કરી શકશે

શ્રીલંકાને ટેસ્ટ વનડે અને ટી ટવેન્ટીમાં પરાજય આપ્યા બાદ ભારતીય ટીમના હોસલા બુલંદ છે વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ ૯-૦થી શ્રીલંકાના પ્રવાસ પર જીત હાંસલ કરી છે અને ઓસ્ટ્રેલિયાના રેકોર્ડની બરાબરી કરી છે.હવે કોહલી એન્ડ કંપનીની સામે ઓસ્ટ્રેલિયાનો પડકાર છે.

ઓસ્ટ્રેલિયાઈ ટીમના ખેલાડીઓ ભારત પહોંચી ગયા છે. બાંગ્લાદેશથી ટેસ્ટ શ્રેણીથી ટેસ્ટ સીરીજ ૧-૧ની બરાબરી કર્યા બાદ ઓસ્ટ્રેલિયાઈ ટીમ ભારતમાં પાંચ વનડે,ત્રણ મેચોની ટી ટવેન્ટી સીરીજ રમશે. શ્રીલંકાની વિરૂધ્ધ સીરીજ જીત્યા બાદ ટીમના ઓપનર રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયાને ઈશારામાં ચેતવણી આપતા એક વીડિયો પણ પોતાના સોશલ મીડિયા એકાઉન્ટ પર નાખ્યું રોહિત વીડિયોમાં કહે છે કે ટીમ ઈન્ડિયા હાર્યા વિના દેશ પાછી ફરી છે અને આ એક મોટી ઉપલબ્ધી છે. તેણે કહ્યું કે હવે ટીમનું પુરૂ ધ્યાન ઓસ્ટ્રેલિયાની સાથે સીરીજ પર છે જેની રાહ જોઈ રહી છે અને દેશમાં પ્રશંસકોની ખુબ સમર્થનની આશા છે

ઓસ્ટ્રેલિયાઈ ટીમે ૨૦૧૩માં ભારતમાં ૭ મેચની વનડે સીરીજ રમી હતી આ સીરીજમાં બાજી ભારતને હાથ રહી હતી.ભારતે ઓસ્ટ્રેલિયાને ૩-૨થી પરાજય આપ્યો હતો બે મેચ વરસાદને કારણે રદ થઈ હતી. ઓસ્ટ્રેલિયાનો ભારતીય જમીન પર વનડેનો રેકોર્ડ જોઈએ તો કંગારૂ ટીમે ૪૬ વનડે રમી છે આ મેચોમાં ૨૧ મેચોમાં ઓસ્ટ્રેલિયાને જીત મળી છે જયારે ૨૫માં તેને હાર મળી છે.

ગત વખતે જયારે ઓસ્ટ્રેલિયાઈ ટીમ સામે વનડે શ્રેણી થઈ હતી ત્યારે ટીમનો સુકાની મહેન્દ્રસિંહ ધોની હતો જયારે હવે વિરાટ કોહલી છે અને ટીમમાં મોટાભાગના ચહેરા એજ છે જે ધોનીના સમયમાં ટીમમાં હતાં માત્ર યુવરાજ અને સુરેશ રૈના સિવાય. ભારતીય ક્રિકેટ ટીમની પ્રથમ ત્રણ વનડે માટે ખેલાડીઓની આજે પસંદગી કરવામાં આવી હતી તેમાં મોટાભાગની એજ ટીમ યથાવત રાખવામાં આવી છે જે ટીમ શ્રીલંકાના પ્રવાસે ગઈ હતી.

બીજી તરફ ઓસ્ટ્રેલિયાની ટીમ મજબુત છે. કોહલીએ ઓસ્ટ્રેલિયાને હલકામાં લેવી જોઈએ નહીં. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ શ્રીલંકામાં થયેલ વ્હાઈટવોશને ભુલી નવેસરથી કંગારૂઓને પરાજય આપવા માટે રણનીતિ બનાવવી પડશે

# ધોનીએ ૧૦૦ સ્ટંગિપ કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો

ભારત શ્રીલંકા વચ્ચેની પાંચમી એક દિવસીય મેચમાં ધોનીએ શ્રીલંકાના ખેલાડીને સ્ટંપિગ કરીને આઉટ કર્યો હતો ત્યારે તેણે ૧૦૦ ખેલાડીઓને સ્ટંપિગથી આઉટ કર્યા હતાં. આ રીતે તેણે સ્ટંપિગથી આઉટ કરનાર વિકેટકીપર તરીકે ૧૦૦ સ્ટપિંગ કરીને વિશ્વ રેકોર્ડ સર્જયો હતો.

શ્રીલંકાના અકિલા ધનંજયને સ્ટપિંગ કરીને આઉટ કર્યો હતો આ રીતે સ્ટપિંગથી આઉટ કરવામાં મહેન્દ્રસિંહ ધોની ૧૦૦ ખેલાડીઓને આઉટ કરનાર સૌ પ્રથમ વિકેટકીપર બન્યો હતો.

શ્રીલંકાના સંગકારાના ૯૯ સ્ટંપિગથી આઉટ કરનાર ખેલાડી હતો તેની સામે ધનંજયને સ્ટપિંગથી આઉટ કર્યા બાદ ધોની ૧૦૦ ખેલાડીઓને સ્ટપિંગથી આઉટ કરનાર વિશ્વનો એક માત્ર ખેલાડી બન્યો હતો અને આ રીતે તેણે વિશ્વ રેકોર્ડ કર્યો હતો.

## ન્યુઝીલેન્ડ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

એ સામે રમાનારી બે ટેસ્ટ મેચોની શ્રેણી માટે ઈન્ડિયા એ ટીમની પણ જાહેરાત કરી હતી. આ ઉપરાંત ઈન્ડિયા એ ટીમ પોતાની બંને ટેસ્ટ મેચ ન્યુઝીલેન્ડ એની સામે વિજયવાડામાં રમશે. પ્રથમ ટેસ્ટ મેચ ૨૩મીથી ૨૬મી સપ્ટેમ્બર સુધી અને બીજી મેચ ૩૦મી સપ્ટેમ્બરથી ત્રીજી ઓક્ટોબર દરમિયાન રમાશે. ઈન્ડિયા એ ટીમનું નેતૃત્વ કરુણ નાયર કરનાર છે. વિકેટ કીપર તરીકેની ભૂમિકા ઋષભ પંત કરનાર છે. ભારતીય ટીમમાંથી પડતા મુકવામાં આવેલા શાર્દુલ ઠાકુરનો ઈન્ડિયા એ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રીલંકાની સામે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એન્ટ્રી કરનાર શાર્દુલ ઠાકુરને ટીમમાં જગ્યા મળી નથી. શ્રીલંકાના પ્રવાસ માટે પસંદગી પામેલા મનિષ પાંડે, કેદાર જાદવ, કુલદીપ યાદવ, અક્ષર પટેલને ટીમમાં જગ્યા મળી છે.ઈન્ડિયા એ ટીમ નીચે મુજબ છે.

કરુણ નાયર (કેપ્ટન), પ્રિયંક પંચાલ, આર સમર્થ, સુદીપ ચેટજી, શ્રેયાસ અય્યર, અંકિત બાવને, હનુમા વિહારી, ઋષભ પંત, શાહબાઝ નદીમ, કે ગૌત્તમ, નવદીપ સૈની, શાર્દુલ ઠાકુર, સિરાજ, અંકિત રાજપૂત.

## મહીલા ડબલ્સ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

તાઈવાન અને સ્વીસની જોડીએ વર્ષ ૨૦૧૭માં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. આ જોડીએ વર્ષ ૨૦૧૭માં સાત ટ્રોફી જીતી છે. જો કે પાર્ટનર તરીકે હવે પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જીતી છે. ચાને પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતી જવામાં સફળતા મેળવી છે. તે બે વખત મહિલા ડબલ્સમાં રનર્સ અપ રહી છે. આની વિરુદ્ધમાં હિન્ગીસે ૨૫ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ મેળવ્યા છે. સિંગલ્સ, ડબલ્સ અને મિકસ્ડ ડબલ્સમાં તેનો દેખાવ ધરખમ રહ્યો છે. અદ્દે નોંધનીય છે કે મહિલા ડબલ્સ પહેલા માર્ટિના હિન્ગીસ અને જેમી મરેની જોડીએ મિકસ્ડ ડબલ્સમાં તાજ જીતી લીધો હતો. બન્નેની જોડી અસરકારક સાબિત થઈ રહી છે. શનિવારના દિવસે આ જોડી વિજેતા બની હતી. વિમ્બલ્ડનમાં રમવાની શરૂઆત કર્યા બાદ તેમનો રેકોર્ડ ૧૦-૦નો રહ્યો છે. માર્ટિના હિન્ગીસ સતત શાનદાર દેખાવ કરી રહી છે. માર્ટિના હિન્ગીસ સાથે રમવાની બાબત પડકારરૂપ હોય છે. જેમીએ કહ્યુ છે કે હિન્ગીસ મહાન ખેલાડી છે. બીજી બાજુ મહિલા સિગલ્સનો તાજ અમેરિકન બ્યુટી સ્લોઆન સ્ટેફેન્સે જીતી લીધો હતો. બીજી બાજુ મહિલા વર્ગમાં શક્તિશાળી ખેલાડી તરીકે ઉભરેલી અમેરિકાની સ્લોઆન સ્ટેફન્સે મેડિસન કી ઉપર ૬-૩, ૬-૦થી સીધા સેટોમાં એક કલાક અને એક મિનિટની મેચમાં જીત મેળવી હતી. આ મેચમાં સ્ટેફન્સ છવાયેલી રહી હતી. આની સાથે જ આ વખતે યુએસ ઓપનમાં નવી મહિલા ખેલાડી વિજેતા તરીકે ઉભરી છે. મેડિસન કી આ વખતે યુએસ ઓપનમાં કિલર બનીને ઉભરી હતી અને કેટલાક મોટા અપસેટ સર્જ્યા હતા પરંતુ સ્લોઆન સામે ફાઈનલમાં તે ટકી શકી ન હતી અને મેચ એક તરફી સાબિત થઈ હતી. નવા રેંકિંગ હવે જારી કરવામાં આવશે ત્યારે રેંકિંગમાં જોરદાર સુધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ-ડે વિરભદ્રસિંહ



પિતા -જનકસિંહ વાઘેલા
માતા - ભારતીબા
જન્મ તારીખ - ૧૪/૯/૨૦૧૪
વર્ષ :૩
મુ.થરા તા.કાંકરેજ
જી.બનાસકાંઠા

હેપ્પી બર્થ-ડે પ્રિન્સ (પ્રિન્સુ)



પિતા -નર્મદકુમાર
માતા - રંજનબેન
દાદા - જશવંતલાલ, પ્રવિણભાઈ
દાદી -ગંગાબેન, જ્યોત્સનાબેન
ફોઈ - જ્યોતિબેન, સીતાબેન
મોટાબાપા - ભાવેશભાઈ, દિલીપભાઈ
મોટી મમ્મી - મમતાબેન, માલતીબેન
ભાઈ: બહેનઃ અપુર્વ, દ્રષ્ટી, દર્શના, ઈશા, માર્મિક, રાધે
જન્મ તારીખ - ૧૪/૯/૨૦૧૫
વર્ષ :૨
મુ.પીલુચા તા.વડગામ

જન્મદિન મુબારક

નામ :...................... પતિ/પિતા :......................
માતા :......................જ.તા. ......................ઉ.વ.
પરિચય: ..............................................
સરનામુ : ..............................................
મોકલનારની સહી : ......................................

## સિદ્ધપુરતાલુકાના કાકોશી ગામના સંત બ્રહ્મલીન

સિદ્ધપુર

સિદ્ધપુર તાલુકાના કાકોશી ગામના સંતશ્રી બાપુ ગિરનારમાં જઈ બોધ લઈ બાપુએ પછી સિદ્ધપુર શહેર નજીક આવેલ સુજાનપુર નજીક આશ્રમની સ્થાપના કરી હતી. આ આશ્રમના તુરી બારોટ સમાજના સંત શ્રી અમરતગિરી બાપુ વર્ષોથી સેવા કરતા હતા. આજે બ્રહ્મલીન થતાં સમાજમાં દુ:ખદ લાગણી જોવા મળી હતી. આ બાપુ વર્ષોથી સિદ્ધપુરમાં બાપુ સદાવ્રત ચલાવી સાધુ સંતોની સેવા કરતા હતા. આજે બાપૂયે છેલ્લા શ્વાસો લઈ બ્રહ્મલીન થતા સમાજ અને સેવકોમાં દુ:ખની લાગણી થઈ હતી. સંતશ્રી આશ્રમ નજીક સમાધિ આપી હતી અને સેવકો અને સમાજ બંધુઓ આંખોમાં આંસુઓની ધારાઓ વહેતી જોવા મળી હતી.

## જમીન ધોવાણ અને પાક નુકસાનના અરજીપત્રક ભરી સાધનીક કાગળો સહીત ૧૫ સપ્ટેમ્બર સુધીમાં જમા કરાવવા

પાટણ

જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, પાટણની અખબારી યાદી મુજબ પાટણ જિલ્લાના તમામખેડૂતમિત્રોને જણાવવાનું કે, જુલાઇ ૨૦૧૭ દરમિયાન ભારે વરસાદ/પુર/અતિવૃષ્ટિના કારણે ખેતી પાકોનિષ્ફળ જવાના સંજોગો બન્યા છે અને જમીન ધોવાણ થયેલ છે. જુલાઈ ૨૦૧૭ દરમ્યાન પાટણજિલ્લામાં ભારે વરસાદ અતિવૃષ્ટીથી પાક નુક્સાન અને જમીન ધોવાણ નુક્સાન સર્વેની કામગીરીપુર્ણતાના આરે છે.ખેડુતોએ જમીન ધોવાણ સહાય માટેના અરજીપત્રક ભરી સાધનીક કાગળો સહ તારીખ ૧૫સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં મદદનીશ નિયામક (જ.સ) ની કચેરી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ,પાટણની કચેરીએ આપવાના રહેશે.જ્યારે પાક નુકશાનના સહાયના અરજીપત્રક ભરી સાધનીક કાગળો સહ તાલુકા લેવલે જે તેગ્રામસેવકને અથવા જે તે તાલુકાના તાલુકા અમલીકરણ અધિકારી, ખેતીવાડીને તારીખ ૧૫ સપ્ટેમ્બર- ૨૦૧૭ સુધીમાં જમા કરાવી શક્શે.

## વડાલી તાલુકાના બીઆરસી ભવન ખાતે કલા મહોત્સવ ઉજવાયો

પ્રતિનિધિ વડાલી

સાબરકાંઠા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડરના પ્રાચાર્ય કે.ટી. પુરણીયાના માર્ગદર્શન મુજબ વડાલી તાલુકાના બી.આર.સી. નુપેશભાઈ દ્વારા બી.આર.સી. ભવન નવાનગર, ખાતે પ્રાથમિક શાળાના બાળકોએ તૈયાર કરેલ સુંદર કલાઓ તેમજ કવિઓના ચિત્રોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ ચિત્રોનું નિર્ણાયકો દ્વારા એકથી પાંચ નંબર અપાયા હતા. જે સ્પર્ધા ૬ થી ૮ બાળ કવિઓના ચિત્રોમાં પ્રથમ પટેલ દર્શન એસ. (હિમંતપુર પ્રા.શાળા) તેમજ કવિ સ્પર્ધામાં ગૌર દિશાલી એમનો નંબર આવેલો છે. બાળકોને ૫૦૦,૩૦૦,૨૦૦ એ રીતે રોકડ પુરસ્કારો પણ આપવામાં આવ્યા હતા. બી.આર.સી. ડાયેટ, ઈડર અને જિલ્લા શિક્ષણ સમિતિ સાબરકાંઠા તેમજ વડાલી તાલુકા શિક્ષણ અધિકારી કપિલભાઈ પટેલ, બી.આર.સી. નુપેશભાઈ, સી.આર.સી. ભાટી વિરેન્દ્રસિંહ, તથા તાલુકાના જુથ મંત્રીઓ દ્વારા બાળકોની કારકિર્દીમાં ઉપયોગી થાય તેવા કાર્યક્રમો રાખવામાં આવે છે.

વડાલી તાલુકાના પ્રાથમિક શિક્ષકો દ્વારા ભણતર સાથે બાળકોના ઘડતર પ્રત્યે વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જયારથી સી.આર.સી.માં એચ. ટાટના શિક્ષકોએ કાર્યભાર સંભાળ્યો છે. ત્યારથી અવનવી પ્રવૃત્તિઓ રાખવાથી બાળકો તથા વાલીઓ પણ ઉત્સાહ સાથે કાર્યક્રમોમાં હાજર રહી બાળકો તથા શિક્ષકોનું મનોબળ વધારે છે.

## સિધ્ધપુર શહેર કોંગ્રેસના પ્રમુખનું રાજીનામું

સિધ્ધપુર

સિધ્ધપુર શહેર કોંગ્રેસ પ્રમુખ જે.ડી.પટેલે પ્રમુખ તરીકે તેમજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધેલ છે. તેમણે જણાવ્યું હતું કે, તેઓએ સિધ્ધપુર શહેર કોંગ્રેસના પ્રમુખ તરીકેના હોદ્દા પરથી તેમજ પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપતો પત્ર પાટણ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીને ગત અઠવાડિયે મોકલી આપેલ છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | રાયડો | ૬૪૦-૬૭૧ |
| એરંડા | ૯૦૧-૯૧૨ | અજમો | ૮૦૦-૧૨૦૦ |
| રાયડો | ૬૨૫-૬૪૧ | | **રાહ** |
| ઘઉં | ૨૮૫-૩૧૫ | રાયડો | ૬૪૦-૬૫૫ |
| બાજરી | ૨૪૦-૨૫૫ | એરંડા | ૯૦૦-૯૧૦ |
| રાજગરો | ૭૯૩-૮૧૧ | બાજરી | ૨૪૦-૨૬૦ |
| મગફળી | ૪૭૦-૬૩૩ | ચીકુડી | ૮૭૦-૯૧૦ |
| ગવાર | ૬૮૫-૭૦૧ | | **સિદ્ધપુર** |
| મગ | ૬૦૦-૮૩૧ | રાયડો | ૬૩૨-૬૪૯ |
| | **પાલનપુર** | એરંડા | ૮૭૦-૯૨૨ |
| ઘઉં | ૩૦૦-૩૬૩ | ગવાર | ૬૦૦-૭૦૫ |
| બાજરી | ૧૮૦-૨૪૬ | ઘઉં | ૩૨૧-૩૫૦ |
| એરંડા | ૮૯૮-૯૨૧ | બાજરી | ૧૮૦-૨૬૨ |
| રાયડો | ૬૩૫-૬૪૦ | | **ધાનેરા** |
| મગફળી | ૪૭૦-૬૦૦ | ઘઉં | ૩૨૮-૩૩૭ |
| રાજગરો | ૭૩૦-૮૨૮ | બાજરી | ૨૨૧-૨૬૧ |
| | **વડગામ** | મગ | ૯૦૬ |
| ઘઉં | ૩૫૦ | ચોળા | ૬૦૦-૭૩૧ |
| બાજરી | ૨૩૧-૨૪૩ | ગવાર | ૬૬૦-૭૧૦ |
| એરંડા | ૯૦૯-૯૧૧ | રાયડો | ૬૧૬-૬૫૧ |
| | **વાવ** | એરંડા | ૮૯૦-૯૦૫ |
| જીરૂ | ૩૩૫૦-૩૪૬૦ | ઈસ. | ૧૬૦૧-૧૭૩૬ |
| એરંડા | ૮૯૫-૯૧૧ | જીરૂ | ૩૧૧૧-૩૩૮૧ |
| ગવાર | ૬૯૧-૭૦૦ | સુવા | ૮૭૬-૯૨૫ |
| | **લાખણી** | વરી. | ૮૦૧ |
| રાયડો | ૬૩૦-૬૫૬ | અજમો | ૫૦૦-૧૧૪૦ |
| એરંડા | ૮૯૫-૯૦૪ | અન્ય | ૮૪૫-૯૧૦ |
| બાજરી | ૨૧૯-૨૫૧ | | **પાટણ** |
| ગવાર | ૬૨૫-૭૦૫ | જીરૂ | ૨૯૨૫-૩૨૩૧ |
| રાજગરો | ૭૭૭ | વરીયાળી | ૮૪૦-૧૦૮૧ |
| રજકો | ૨૪૦૦ | મેથી | ૪૦૦-૫૨૧ |
| ચીકુડી | ૮૦૦-૯૪૬ | સુવા | ૮૩૧-૯૨૨ |
| | **થરાદ** | રાયડો | ૬૨૦-૬૭૦ |
| ઈસ. | ૧૮૦૦-૧૯૯૦ | એરંડા | ૯૦૦-૯૨૧ |
| ગવાર | ૬૭૦-૬૯૮ | અજમો | ૭૫૬-૯૬૧ |
| મેથી | ૪૭૦-૬૧૦ | ઘઉં | ૩૦૪-૩૬૫ |
| ચીકુડી | ૭૦૦-૯૫૦ | બાજરી | ૧૭૦-૨૫૩ |
| જીરૂ | ૨૫૦૦-૩૫૦૦ | બંટી | ૩૧૨ |
| એરંડા | ૮૯૦-૯૧૦ | ગવાર | ૬૫૦-૭૧૯ |
| રજકો | ૨૩૫૦-૨૭૦૦ | | |

## બહુચરાજી હાઈવે સર્કલ ઉપર નર્મદા રથનો વિરોધ

**પોલીસે દરમ્યાનગીરી કરી મામલો માંડ થાળે પાડ્યો સમગ્ર તાલુકામાં નર્મદા રથને મોળો પ્રતિસાદ મળ્યો**



બહુચરાજી

રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં તા.૯ થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન ગામેગામ નર્મદારથનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગઈકાલે બહુચરાજી તાલુકાના બેચર ગામથી નર્મદા રથે બહુચરાજી તરફ પ્રયાણ કરતાં હાઈવે સર્કલ ઉપર બહુચરાજી તાલુકાના ખેડૂતોએ મોટી સંખ્યામાં હાજર રહી વિરોધ પ્રદર્શિત કરતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. અને બહુચરાજી મત વિસ્તારના ધારાસભ્ય તેમજ ભાજપના કેટલાક કાર્યકરો અને અલ્પ સંખ્યામાં હાજર સરકારી કર્મચારીઓની હાજરીમાં જ રથને પોલીસ બંદોબસ્ત નીચે પ્રા.શાળામાં રોકી દીધા બાદ મામલો શાંત (પડ્યા) બાદ રથને આગળના ગામે જવા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જો કે સમગ્ર બેચરાજી તાલુકામાં નર્મદા રથને મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

ગઈકાલે સાંજના પાંચ વાગ્યાના સુમારે બહુચરાજી તાલુકાનો નર્મદા રથ બહુચરાજી સર્કલ પાસે આવતાં બહુચરાજી તાલુકાના આશરે ૫૦ કરતાં પણ વધારે ખેડુતોએ નર્મદા રથને અટકાવતા પોલીસને દરમ્યાનગીરી કરવાની ફરજ પડી હતી. હાજર ખેડુતોએ મોઢા ઉપર કાળી પટ્ટી બાંધી માથે સરદાર ટોપી પહેરી અને હાથમાં બેનરો સાથે નર્મદા રથનો વિરોધ કરી પાટીદાર અનામત આંદોલન દરમ્યાન શહીદ થયેલ ૧૪ યુવાનોના પરિવારોને ન્યાય આપવા, ઉત્સવો પાછળના તાયફાઓ બંધ કરવા સાથેના સુત્રોચ્ચારથી અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. રથમાં ઉપસ્થિત બેચરાજીના ધારાસભ્ય રજની પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય મહેન્દ્ર પટેલ તથા ભાજપના સંગઠનના કાર્યકરો તેમજ ખુબ જ અલ્પ સંખ્યામાં હાજર લોકોની હાજરીમાં રથનું સમાપન કરી દેવામાં આવ્યું હતું.

સમગ્ર બહુચરાજી તાલુકામાં નર્મદા રથને ગામેગામથી વિરોધના સુરનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે પોલીસની દરમ્યાનગીરી બાદ મામલો ચુંટણીમાં ભાજપ માટે કપરાં ચઢાણ જણાઈ રહ્યા છે.

## પાટણમાં લોહાણા મહાપરિષદની બેઠક : સિદ્ધપુરમાં ભાગવત કથા-સામૂહિક માતૃ-પિતૃ તર્પણ -માતૃવંદના મહોત્સવ યોજાશે

પાટણ

સમસ્ત રઘુવંશી લોહાણા સમાજ પાટણના યજમાન પદે પંચમ લોહાણા મહાપરિષદની એક બેઠક લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક ઈસ્કોન ગ્રુપ- અમદાવાદના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. મહાપરિષદે કરેલી કામગીરીની માહિતી હિમાંશુભાઇ ઠક્કરે આપી હતી. પરિષદના પ્રમુખ પ્રવિણભાઇ કોટકે જણાવ્યું કે પાટણના સાત મહાજનો દેશી લોહાણા વાગડ, પારકર, મારવાડી એવા સાતેય મહાજનોના સમૂહ આમંત્રણને માન આપી ઉતર ગુજરાતના રઘુવંશીઓમાં મુખ્ય મથક પાટણ ખાતે પંચમ મીટીંગમાં રઘુવંશી સમાજના સમગ્ર મહાજનોએ વાડાઓને તાળા મારી એકજ રઘુવંશી લોહાણા મહાજનના છત્રછાયા હેઠળ એકત્ર થયા છે તેનો મને આનંદ છે. આપણી માતૃ સંસ્થા લોહાણા મહાપરિષદ દ્વારા પૂ. રમેશભાઈ ઓઝાના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત જ્ઞાન-યજ્ઞ સામૂહિક માતૃ તર્પણ માતૃવંદના મહોત્સવ માતૃ ગયા તીર્થ સિદ્ધપુર ખાતે તા. ૨૫ ઓકટોમ્બરથી લાભ પાંચમ૧ નવેમ્બર સુધી યોજનાર છે અને માતૃ રૂણ અને તર્પણ વિધીનો આ એક મહાયજ્ઞ છે જે ભારતભરમાં કયાંય યોજાયો નહિ હોય, જેમાં અગીયાર હજાર પોથી યજમાનો નોંધાશે. પોથીદીઠ રૂ. ૧૧ હજાર યજમાન પદ માટે છે. જેમાં ૧૦૮ કુંડી વિષ્ણુ યજ્ઞ યોજાશે. જલારામ જયંતિ ભોજન પ્રસાદ અને કથાના ઉત્સવો કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પુજા- રૂક્ષ્મણી વિવાહ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ તકે કમીજળના સંત પૂ. જાનકીદાસ બાપુ આર્શિવચન પાઠવશે. રાજકીય નેતાઓ હાજરી આપશે. આ પ્રસંગે ધર્મેશભાઇ હરિયાણીએ જણાવ્યું હતું કે, આઇએએસ કે આઇપીએસ થવા માગતા રઘુવંશી સમાજના યુવાનો અને યુવતીઓ માટે નિશુલ્ક ટ્રેનીંગ કેમ્પ કરવામાં આવી રહ્યા છે. રઘુવંશ સમાજનો કોઇપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની પૈસા વિના કે સગવડ વિના તેનો અભ્યાસ ન છોડે. મહાપરિષદનો સંપર્ક કરશે તો બધી જ સગવડ મલી રહેશે. પ્રસંગે ખજાનચી હિંમતભાઇ કોટકે હિસાબો રજૂ કર્યા હતાં. ઉત્તર ગુજરાત લોહાણા સમાજના અગ્રણી શ્રી પોપટભાઇ અખાણીઓએ-ભગવાનજીભાઇ બંધુએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. સમગ્ર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ દક્ષિણ ગુજરાત વડોદરા-મુંબઇથી લોહાણા સમાજના મોટાભાગના અગ્રણીયો હાજર રહ્યા હતાં. પાટણ સમસ્ત રઘુવંશી સમાજે મહાપરિષદના હોદ્દેદારો અગ્રણીયો તેમજ દૂર દૂરથી પધારેલા રઘુવંશી ભાઇઓનું સુંદર અને ભવ્યાતી ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ધાર્મિક સ્થળોએ મહેમાનોને લઇ જવામાં આવ્યા હતાં. લોહાણા સમાજના અગ્રણ્ય રાજુભાઇ ઠકકક, મહેશભાઇ ઠક્કર, સતીષભાઇ ઠક્કર અને બાલેશ ઠક્કરે સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે રાજકોટના મહિલા અગ્રણી કાશ્મીરાબેન નથવાણી, શિલાબેન પુજારા, હસુભાઇ ભગદેવ, દિનેશભાઇ તેમજ રાજકોટ અને સૌરાષ્ટ્રથી પધારેલા લોહાણા સમાજના અગ્રણીઓએ રાજકોટમાં રઘુવંશી સમાજ દ્વારા સુંદર રાસ-ગરબાનું આયોજન નવરાત્રીમાં થશે તો તમામ રઘુવંશી સમાજના ભાઇ-બહેનોને પધારવા આમંત્રણ આપ્યું હતું. આ મહાપરિષદમાં સૌરાષ્ટ્રના રાજકોટ દ્વારકા અને પોરબંદર સુધીના રઘુવંશીઓ ઉમટી પડયા હતા. લોહાણા મહાપરિષદની સુંદર કામગીરીને અને ટીમ વર્કથી કામોને ઉ.ગુ. રઘુવંશી સમાજે બીરદાવી ખુશી વ્યકત કરી હતી.

## રાધનપુરમાં ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન યોજાયું



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં મંગળવારે સરદાર પટેલ શાળા વિકાસ સંકુલનું ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન નોડલ શાળા આદર્શ વિદ્યાલયમાં યોજાઈ ગયું,આ ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શનમાં રાધનપુર, સાંતલપુર, શંખેશ્વર તથા સમી તાલુકાના ગુણવતા વિકાસ વર્તુળની ૮૨ જેટલી શાળાઓનો સમાવેશ કરાયો હતો,જેમાં રાધનપુરની શેઠ કે.બી.વકીલ વિવિધલક્ષી વિદ્યાલયે વિભાગ ૫ માં વિદ્યાર્થીઓ સરળતાથી ક્ષેત્રફળ મેળવી શકે તે માટે જિયો બોર્ડ વિષે પ્રોજેક્ટ રજુ કર્યો હતો, જેમાં શાળાના વિદ્યાર્થીઓ જિનીલ કલ્પેશભાઈ અખાણી તથા કિસ્મત મહેન્દ્રભાઈ પ્રજાપતિએ પ્રોજેક્ટ રજુ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું,

પ્રોજેક્ટ તૈયાર કરવામાં શાળાનાશિક્ષકો કલ્પેશભાઈ અખાણી તેમજ હર્ષદભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું,

શાળાના આચાર્ય બી. ડી. ઝાલાએ આ પ્રદર્શનમાં ખાસઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને બિરદાવ્યા હતા.

## રાધનપુર કોલેજની વિદ્યાર્થિનીની આંતરયુનીવર્સીટી કક્ષાએ પસંદગી



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરની હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની પલક કે.પ્રજાપતિ (ભાભર)ની રાષ્ટ્રીય કક્ષાએ રમાતીઆંતરયુનીવર્સીટી બહેનોની સિંગલ બેડમિન્ટન સ્પર્ધામાં પસંદગી કરવામાં આવી છે.આ સ્પર્ધા જલગાવ મહારાષ્ટ્રમાં રમાશે, ત્યારેઉત્તર ગુજરાત યુનિવર્સીટી તરફથી પલક કે.પ્રજાપતિ ભાગ લેશે, વિધાર્થિનીને પ્રેરણા આપનાર કોલેજના પ્રિન્સિપાલ ડો.સી. એમ. ઠક્કર તથા માર્ગદર્શક પ્રો.જી.એમ.દેસાઈ તથા કોચ દિગ્વિજયસિંહ સોલંકી તેમજ સંસ્થાના પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણી, મેનેજીંગડાયરેક્ટર રાયચંદભાઈ ઠક્કર સહિતે ઝળહળતી સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## પાટણ ખાતે સીવીલ હોસ્પીટલમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ બાળકોનું સ્પીચ થેરાપી સેન્ટર કાર્યરત



પાટણ

જન્મજાત મૂક-બધિર બાળકોને સાંભળતા-બોલતાં કરવા માટેના શુભ આશયથી ગુજરાત સરકારે શાળાઆરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત પીડિત બાળકોને નિશુલ્ક કોકલિયર ઈમ્પ્લાન્ટ કરવાની ઉપકારક યોજના શરૂકરી છે. સને ૨૦૧૫ થી લઈ ઉત્તર ગુજરાતના ૨૦૦ ઉપરાંત બાળકોને ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતેઓપરેશન કરવામાં આવ્યા છે. ઓપરેશન બાદની દિર્ઘકાલિન તાલીમ આ અગાઉ સીવીલ હોસ્પિટલ- ગાંધીનગર અને અમદાવાદ ખાતે તારા ફાઉન્ડેશન દ્વારા અપાતી હતી. હવે પાટણ જિલ્લા વહીવટી તંત્ર અનેઆરોગ્ય શાખાએ પાટણ સીવીલ પૂર્ણકાલિન સ્પીચ થેરાપી સેન્ટર શરૂ કર્યું છે. દિવ્યાંગ મૂકબધિરબાળકોને નિશુલ્ક ઓપરેશન થાય છે. ઓપરેશન બાદ સ્પીચ થેરાપી માટે ઉત્તર ગુજરાતમાં સ્પીચ થેરાપી સેન્ટર નહોતું. જેથી વાલીઓ અને બાળકોને તકલીફ પડતી હતી. જિલ્લા વહીવટી તંત્ર, પાટણ દ્વારા પ્રયાસો હાથધરી સીવીલ હોસ્પિટલ ખાતે આ સેન્ટર સેવારત કરાયું છે. આ એક મહત્વનું કદમ છે. સેવાનું આ મંદિર છે.દિવ્યાંગ મૂક-બધિર બાળકોનું મમતા કેન્દ્ર છે. સ્પીચ થેરાપી સેન્ટર માટે જિલ્લા કલેકટર હસ્તકની ગ્રાન્ટનો વિનિયોગ કરવામાં આવશે તેમ જણાવી કલેકટરશ્રી આનંદ પટેલે એક નવો રાહ ચીધ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂએ પણ સ્પીચ થેરાપી સેન્ટર ટુંક સમયમાં સેવારત થવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. પાટણ જિલ્લામાં ૧૫બાળકોનું કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાયું છે. બાળકોને સ્પીચ થેરાપી દ્વારા તાલીમ આપી બોલતા કરી શકાય છે.આ દિશામાં પાટણ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પીચ થેરાપી સેન્ટર શરૂ કરાયું છે. પાટણ ખાતે સ્પીચથેરાપી સેન્ટર શરૂ થતાં પાટણ જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના બાળકોને તાલીમ મળી શકશે. પાટણ જિલ્લામાં પાટણ અને સિધ્ધપુરની સીવીલ હોસ્પિટલ ખાતે બહેરાશ નિદાન માટે મશીનો ઉપલબ્ધ કરાવાશે. સીવીલ હોસ્પીટલ, ગાંધીનગર ખાતે કોકલિયરના ૨૦૦ ઉપરાંત સફળ ઓપરેશન કરનાર ડૉ. મેડમ નીરજ સુરીએ ઉપસ્થિત વાલીઓને કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આદીપુર અને ગોધરા ખાતે સ્પીચ થેરાપી સેન્ટર શરૂ કરાયા છે. પાટણ ખાતે આ ત્રીજું સેન્ટર શરૂ થઈ રહયું છે. આ સેન્ટર પાટણખાતે સોમ થી શનિ સુધી કાર્યરત રહેશે.

## ખેરોજ પોલીસ મથકમાં આધેડને માર મારવામાં આવતાં મોત

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના ખેરોજ પોલીસ મથકમાં આજથી ત્રણેક માસ પૂર્વે આધેડ વયની એક વ્યક્તિ ઉપર લાકડી- ધોકા અને પટ્ટાથી સખ્ત માર મારવામાં તેનું મોત નિપજતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને એક પોલીસ કોન્સ્ટેબલ વિરૂધ્ધ ખુનનો ગુનો દાખલ કરવામાં આવતા જિલ્લા પોલીસ તંત્રમાં ચકચાર મચી જવા પામી છે. પોશીના તાલુકાના કોટડા ગઢી ગામના કોદરભાઈ ચાંપાભાઈ ગમાર (ઉ.વ.૬૦) નામના આધેડની ખેરોજ પોલીસે ગત ૨ જી મેના રોજ ગૌહત્યાના ગુનામાં ધરપકડ કરી હતી. ત્યારબાદ આ આધેડ અનુસુચિત જાતિનો હોવાથી તેમને જાતિવિષયક ગાળો ભાંડીને લાકડી ધોકા અને પટ્ટાથી અસહ્ય માર મારવામાં આવ્યો હતો. જેના પરિણામે ૪ મે ના રોજ કોદરભાઈ ગમારનું મોત નિપજયું હતું.

ખેરોજ પોલીસ મથકમાં બનેલા આ બનાવના પગલે સાબરકાંઠા જિલ્લાના દલિત સમાજમાં

તીવ્ર આક્રોશ ફેલાઈ ગયો છે, સાથે જ સમગ્ર ઘટનાની ન્યાયીક રાહે તપાસ કરાવવા ઉચ્ચ સ્તરે રજુઆત કરવામાં આવી છે. મૃતકના પુત્ર ભેમાભાઈએ સબ ઈન્સ્પેક્ટર કે.એસ.રબારી પોલીસ કોન્સ્ટેબલ ભાવેશ વિરૂધ્ધ કલમ ૩૦૨ મુજબ કાર્યવાહી કરી છે.

## રાધનપુર તાલુકાના કલ્યાણપુરાના ગ્રામજનોના જિલ્લા વિકાસ અધિકારીની કચેરી સામે ઉપવાસ

**ઘરવખરી સહાય ના ચુકવાતા ૫૦ પરિવારોના ઉપવાસ**

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના કલ્યાણપુરા ગામે ભારે વરસાદના કારણે થયેલ નુકશાન બાદ તંત્ર દ્વારા ઘરવખરી સહાય માટે ગામ માં સર્વે કરાયુંહતું, પરંતુ સર્વે બાદ પણ ઘરવખરીની સહાય ના ચુકવાતા ગામના લોકોએ અગાઉ મામલતદાર કચેરી આગળ દેખાવો કાર્ય હતા, તેમછતાંય કોઈ જ કાર્યવાહી ના થતા ગ્રામજનોએ ગામમાં આવેલા નર્મદાયાત્રાનો બહિષ્કાર કર્યો હતો, જેથી નર્મદાયાત્રા કોઈ જ કાર્યક્રમકર્યા વગર જ પાછી ફરી હતી, આટલું કરવા છતાંય તંત્રની આંખ ના ઉઘડતા છેવટે ૫૦ જેટલા પરિવારોએ બુધવારે પાટણ જિલ્લામથકે જઈને જિલ્લા વિકાસ અધિકારીની કચેરીએ જઈને જ્યાં સુધી ઘરવખરી સહાય ના ચૂકવાય ત્યાં સુધી ઉપવાસ ઉપર બેસી જતાતંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી હતી, ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પણ સુપરત કર્યું હતું.તાલુકા પંચાયતના સદસ્ય સુરેશભાઈ ઠાકોર, કલ્યાણપુરા ગામના સરપંચ જેમલજી ઠાકોર, ભુરાજી ઠાકોર, માવજીભાઈ ઠાકોર, મુળજીભાઈ ઠાકોર સહીત ગામના અગ્રણીઓ અને મહિલાઓ સહીત ૫૦ પરિવારો દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને રજુઆતકરવામાં આવી હતી, જેમાં ભારે વરસાદના કારણે ૬૮ પરિવારોનું ઘરવખરી માટે સરકારે મોકલેલ ટિમ દ્વારા સર્વે કરવામાં આવ્યું હતું,સર્વેમાં સરપંચ અને તલાટી દ્વારા સહી-



કમલ ચક્રવર્તી

સિક્કા કરી આપવામાં આવેલ તેમ છતાંય હજુ સુધી ઘરવખરીની સહાય ચુકવવામાં આવી નથી, તંત્ર તરફથી એવો જવાબ મળે છે કે ફોર્મ ખોવાઈ ગયા છે, જેથી ગામના ૫૦ પરિવારો દ્વારા જ્યાં સુધી ઘરવખરીનીસહાય ના ચૂકવાય ત્યાં સુધી જિલ્લા વિકાસ અધિકારીની કચેરી આગળ જ ઉપવાસ ઉપર બેસી ગયા હતા. આ બાબતે તા. ૮સપ્ટેમ્બરના રોજ જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરીને ઉપવાસ ઉપર બેસવાની ચીમકી પણ ઉચ્ચારવામા આવીહતી,તેમ છતાંય કોઈ જ પગલાં ના ભરાતા બુધવારે ગ્રામજનો ઉપવાસ ઉપર બેસી ગયા હતા.

## પાટણ જિલ્લાના હારીજ-સમી વિસ્તારમાં સરેઆમ લીલા વૃક્ષોનું નિકંદન

ચાણસ્મા

સરકાર દ્વારા પર્યાવરણ અને વન વિભાગ દ્વારા વૃક્ષો બચાવવાની ઝુંબેશ ચાલી રહી છે.વધુ વૃક્ષો વાવોનો સેમિનાર કાર્યક્રમો અનેકવાર યોજાય છે.ત્યારે બીજી તરફ બન વિભાગની આંખ આડા કાન ધરવાની વૃત્તિના કારણે હારીજ, સમી, ચાણસ્મા, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુરમાં લીલાછમ વિશાળ વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે.લીલા વૃક્ષોને કાપવાની બેફામ પ્રવૃત્તિઓ બંધ ન થતાં લોકોમાં રોષ વ્યક્ત થઈ રહ્યો છે.

પાટણ જિલ્લામાં પર્યાવરણની સમતુલા જળવાતી નથી.ક્યારેક વધુ વરસાદ, અતિવૃષ્ટિ તો ક્યારેક દુષ્કાળ જેવી સ્થિતિ નજરે પડે છે.ત્યારે સરકાર વધુ વૃક્ષો વાવવાની ઝુંબેશ ચલાવે છે.પરંતુ વન વિભાગની આંખ આડા કાનની નિતિના પરિણામે વૃક્ષોનું ખુલ્લે આમ કટીંગ થઈ રહ્યું છે.જાણે કોઈ પુછનાર જ નથી.બે દિવસ પહેલાં જ ચાણસ્મા પાસેથી લીલા લાકડા કાપેલા બે ટ્રેક્ટર ઝડપાયા હતા.

હારીજ-સમી વિસ્તારમાં સારો વરસાદ થયો છે ત્યારે આગામી સમયમાં લીલોતરીનું પ્રમાણ સારું રહેશે.પરંતુ વૃક્ષો કપાતા રહેશે તો પર્યાવરણને મોટું નુકશાન થશે.!


Shri Narendra Modi
Hon'ble Prime Minister of India
H.E. Mr. Shinzo Abe
Hon'ble Prime Minister of Japan
INDIA JAPAN
ANNUAL SUMMIT
13 14 SEPTEMBER 2017
A Strong Synergy for Peace and Prosperity
India and Japan are leaping towards a new age of leadership. Together they are embarking on a journey that brings a broad convergence of long-term political, economic and strategic goals.
Towards this
Shri Narendra Modi, Hon'ble Prime Minister of India
and
H.E. Mr. Shinzo Abe, Hon'ble Prime Minister of Japan
will reinforce this partnership by inaugurating a series of events together.
India Road Show Grand Welcome Ceremony for H.E. Mr. Shinzo Abe, Hon'ble Prime Minister of Japan
High Speed Rail Ground Breaking Ceremony
India Japan Annual Summit
Business Conclave with Top Leaders of India and Japan
Exhibition
Accelerating Towards a Deep Partnership